RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 12, Year: 69, March, 2023, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

BIO DATA

# KRINA KAMLESH DOSHI



## Personal Details

| | | |
|---|---|---|
| Date of Birth | : | 1st June 1995 |
| Bith Place and Time | : | Bhayandar, 6:36 am |
| Height | : | 5'2" |
| Religion | : | Zalawadi Dasha Shri Sthanakwasi Jain |
| Native | : | Gundiyali, Surendranagar Gujarat |
| Qualification | : | MBA in Marketing 2017-2019 (IBS Mumbai, Powai) Bachelors of Commerce (Thakur College of Science & Commerce) |
| Occupation | : | Senior Brand Services Executive – Digital at FCB Interface, Andheri, Mumbai |
| Interests | : | Exploring new restaurants, places, genres and music, Watching movies |

## Family Details

| | | |
|---|---|---|
| Father | : | Kamlesh Chhabildas Doshi (Business) Navkar Packaging – Offset Printing Press +919320014980 \| navkarpackaging18@gmail.com |
| Mother | : | Kinjal Kamlesh Doshi (Housewife) +91 9819414980 |
| Sister | : | Dhruvi Kamlesh Doshi CS & LLB |
| Kaka | : | Jignesh Chhabildas Doshi +91 9820167734 |
| Khaki | : | Sneha Jignesh Doshi +91 8779415385 |
| Dada | : | Late Chhabildas Dayalal Doshi |
| Dadi | : | Sarojben Chhabildas Doshi |

## Maternal Family Details

| | | |
|---|---|---|
| Mosal | : | Late Chandulal Maganlal Gandhi |
| Mama | : | Mukesh C Gandhi +91 932497971 |
| | | Nilesh C Gandhi +91 9223283923 |

## Contact & Residential Details

E 804 Fennel, Utopia, Garden Grove Phase 2, Kanti Park Road,
Near Witty World, Chikuwadi, Borivali (W), Mumbai – 400092.
Ph.: +91 9930887851 | E: krinadoshi72@gmail.com

Advt.

**તંત્રી સ્થાનેથી.....**



**લ્યો, આવજો ત્યારે ,અહીંથી અલવિદા.........**

**આત્મીય સ્વજનો,**

**ઝાલાવાડી પત્રિકાના તંત્રી તરીકે ૨૫ વર્ષ દાયિત્વ નિભાવ્યા પછી આપ સહુની વિદાય લઈ રહી છું.**
**નિ:શબ્દ થઈ જવાય છે, પણ પાછું વળીને જોઉં તો કેટલા બધાં પ્રસંગો યાદ આવે છે !**

વીતેલા ૨૫ વર્ષોમાં કાર્યવાહક સમિતિના સક્રિય સભ્ય તરીકે, શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોના કન્વીનર રહીને શૈક્ષણિક પારિતોષિક સમારોહ, વ્યક્તિત્ત્વ વિકાસની શિબિરો, ઝાલાવાડી ઝંકાર, ચેસ ચાણક્ય,પંચગીની, દેવલાલી સેનેટોરિયમ, લોનાવલા ક્રિડાંગણનું ઉદ્દઘાટન, શતાબ્દી મહોત્સવ,માથેરાન તથા નાલાસોપારા અતિથિ ભવનનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન, શૈક્ષણિક ઉત્કર્ષ યોજના તથા અન્ય યોજનાના દાતાઓનું સન્માન....આ બધાંજ કાર્યક્રમોનું સંચાલન કરવું, સભા માટે ફંડ એકત્રિત કરવું મને ખૂબ જ ગમ્યું છે. સભાની કોઈ પણ યોજના કે આમંત્રણને શબ્દદેહ આપવો એ તો મારી પ્રિય પ્રવૃત્તિ રહી છે.

પત્રિકાના તંત્રી તરીકે મારામાં વિશ્વાસ મૂકનારા આદરણીય પ્રમુખ શ્રી સી. યુ. શાહ, શ્રી ગુણવંતભાઇ શાહ, શ્રી પ્રવીણભાઈ જી. શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ ડેલીવાળા, શ્રી કાંતિભાઈ વોરા, શ્રી મનસુખભાઈ સંઘવી, શ્રીમતી ધીરજબેન વોરા, શ્રી પંકજભાઈ સંઘવી, પૂર્વતંત્રી શ્રી કાંતિભાઈ વકીલ તથા શ્રી રમણભાઈ શેઠ આ સહુએ માર્ગદર્શન આપ્યું છે, સતત પ્રોત્સાહિત કરી છે. મારા પ્રત્યેક નવા આયામો સ્વીકાર્યા છે, માત્ર સમાજના સમાચાર આપતી પત્રિકાને સાહિત્યસભર બનાવી છે, પ્રથમ રંગીન આવરણ બનાવવાનું શ્રેય આપણી પત્રિકાને મળે છે. કમિટિના સભ્યોએ મુક્ત પણે કામ કરવાની આઝાદી આપી અને કદાચ એટલે જ હું મારા કર્તવ્યમાં વિશેષ સજાગ રહી છું. જૈન પત્રકાર સંઘના ચાર એવોર્ડ પણ પત્રિકા થકી મળ્યા છે. પત્રિકાના ઊંચા માનદંડ સ્થાપિત કરીને તેનું ગૌરવ અખંડ રાખ્યું છે. બધા જ કાર્યક્રમોની ઉદ્દઘોષણામાં કે લખાણમાં ખૂબ તાટસ્થ્ય અને ગરિમા જાળવી છે. શતાબ્દીની યશોગાથા, પરિણય વિશેષાંક, શ્રી સી.યુ. શાહને સમાજ રત્ન અપાયો તે વેળાની સ્મરણિકા, દેવલાલીના દાતાઓનો વિશેષ અંક...અને ૨૫ વર્ષની કાંઈ કેટલીય ઘટનાઓ, પ્રવાસ વર્ણનો બધું જ આલેખવાની મજા પડી છે. મારી સાહિત્ય પ્રીતિનું ઝરણું મુક્ત પણે વહ્યું છે. સમાજ માટે, નૈતિક મૂલ્યો માટે જે કાંઈ ઉત્તમ લાગ્યું તે મારા વાચકો સાથે વહેંચ્યું છે. વાચકોએ ઉમળકાભર્યો પ્રતિસાદ આપ્યો છે. ૨૫ વર્ષ સુધી પ્રત્યેક કાર્યમાં સહભાગી થનારા મારા કમિટિ મેમ્બર્સને હું કેમ ભૂલી શકું ? તેઓએ ખૂબ સ્નેહ તથા આદર આપ્યો છે. આજે મારી પત્રિકાના સાથીઓ સદ્દગત જવાહરભાઈ, મયુરભાઈનું સ્મરણ કરું છું. વલ્લભભાઈની સર્જક્તાને યાદ કરું છું. શરદભાઈ ગાંધી, ભાવિનભાઈ ગાંધી તથા ઓફિસનો સ્ટાફ સહુએ મને ખૂબ સાથ આપ્યો છે. સજળ નયને આપ સહુની વિદાય લઈ રહી છું.

કાર્યવાહક સમિતિના સભ્ય અને પત્રિકાના તંત્રી આ બન્ને પદ માટેનો સહિયારો ઋણ સ્વીકાર કરું છું. સમાજના બધા સભ્યોએ પ્રત્યેક ચૂંટણીમાં મને સર્વાધિક મત આપીને દર્શાવેલો સ્નેહ હૈયામાં અકબંધ છે અને રહેશે. આપ સહુની શુભેચ્છા અને આશિર્વાદ મારા જીવનનું બળ બની રહેશે.

**૨૫ વર્ષની આ યાત્રા ખૂબ સુખદ રહી છે, કિંતુ ગમે તેટલી મધુર યાત્રાનું ક્યાંક તો સમાપન હોય જ છે......**
**જાણે અજાણે કોઈનું હૃદય દુભાયું હોય તો અંતઃ કરણ પૂર્વક ક્ષમા માંગું છું.**

**સંધ્યા શાહ**
**૯૩૨૪૬૮૦૮૦૯**

## BIO DATA



# Jainam Tarun Vasani

| | | |
|---|---|---|
| Birth Date | : | 10th May 1996 |
| Birth Time & Place | : | 4.30 p.m. \| Mumbai |
| Height | : | 5' -7" |
| Cast | : | Zalawadi Vishashrimali Sthanakwasi Jain |
| Native Place | : | Ranpur |
| Hobbies | : | Movies, Play Cricket, Travelling & Cooking |
| Education | : | F.Y. B.Com |
| Occupation | : | Manufacturs of Stainless Steel & Utensil<br>Tarun Enterprise & Riddhi Metal<br>Factory at Bhayender (East) |

**Family Details :**

| | | |
|---|---|---|
| Grand Father | : | Late Shri Dalichandbhai L. Vasani |
| Grand Mother | : | Late Gunvantiben D. Vasani |
| Father | : | Tarunbhai D. Vasani<br>M : 9820386323 |
| Occupation | : | Manufacturers of stainless steel & utensils<br>Factory - Bhayender (East) |
| Mother | : | Late Smt. Ilaben Tarun Vasani<br>Now Smt. Sejal Tarun Vasani<br>9892195244 |
| Uncle | : | Late Shri Prafulbhai D. Vasani<br>Contact - Gaurav P. Vasani<br>9879010089 |
| | | Rameshbhai D. Vasani<br>9979793089 |
| | | Harendrabhai D. Vasani<br>9879006489 |
| Faiba | : | Kokilaben H. Gopani - 08488869210 |
| | | Bhavnaben K. Doshi - 08080263987 |
| | | Chetanaben G. Maheta - 7984968125 |
| Mosal | : | Late Shri Himatlal Vrajlal Shah<br>(Limbadi) |
| Mama | : | Late Shri Vinubhai H. Shah<br>Contact : Apurv V. Shah<br>9825252202 |
| | | Nitinbhai H. Shah - 9833088012 |
| | | Nalinbhai H. Shah - 9820020719 |
| | | Mahendrabhai H. Shah |
| | | Milanbhai H Shah - 9820039489 |
| Residence Address | : | A/1001, 10th Floor, X Point Bldg.<br>Prem Bhavna Society,<br>Near Shatabdi Hospital,<br>Opp. Aastha Hospital,<br>Kandivali (West) |

Advt.

BIO DATA

ૐ શ્રી મહાવીરાય નમઃ

# Kavish Milan Shah



Date of Birth : 27 April 1993
Birth Time & Place : 10:30 am, Vashi, Navi Mumbai
Height : 6.2"
Religion : Zalawadi Visha Shrimali Digambar Jain (Shree Kanjiswami)
Native Place : Limbdi, Gujarat.
Qualifications : Master of Science (MS), Electrical Engineering, San Jose State University, California, Bachelor of Engineering (B.E.), Electronics and Telecommunication - K. J. Somaiya, Ghatkopar
Profession : Hardware Verification Engineer, Arteris IP
Visa Status : H1B - USA
Interests : Soccer, Exploring new places, Movies.
Contact : +1 669-252-6927, Austin, Texas, USA

## D.O.B : 27TH APRIL 1993

### CURRENTLY IN AUSTIN, TEXAS - USA

### VISITING INDIA FROM 25TH MARCH 2023 - 18TH APRIL 2023

## FAMILY DETAILS

**Father** : Milan H. Shah, +91 9820039489
JJC Central Board - Treasurer
Past President - JJC Navi Mumbai
Past President - Lions Club of Nerul

**Business** : Property Consultant, Vashi, Navi Mumbai.

**Mother** : Rita M. Shah, (Homemaker) +91 9920039489

**Elder Sister** : Mirali M. Sheth (Married) (Graphic Designer - Freelancer)

**Brother-in-Law** : Mihir Piyush Sheth - Property Consultant 9920828510

**Grand Father** : Late Shri Himatlal Vrajlal Shah

**Grand Mother** : Late Smt. Kasturiben H. Shah

**Residence** : 501/502, Ratna Sagar CHS, Plot no.58, Sector-29, Opp. Goldcrest School, Vashi, Navi Mumbai - 400703

### PATERNAL DETAILS

**1.** Late Vinaychandra H. Shah, Ahmedabad - 9825252202
**2.** Nitin H. Shah, Chinchpokli - 9833088012
**3.** Nalin H. Shah, Andheri - 9820020719
**4.** Mahendra H. Shah, Vashi, Navi Mumbai.

**Faiba** : **1.** Rasila Kanakkumar Shah, Kandivali - 9322284837
**2.** Late Ila Tarunkumar Vasani, Malad - 9820386323

### MATERNAL DETAILS

**Nana** : Late Shri Rasiklal Chunilal Shah (Chunilal Laxmichand Shah Family) Wadhwan, Gujarat

**Nani** : Late Smt. Savitaben Rasiklal Shah

**Mama** : Jasmin R. Shah, Raj Optics, Navi Mumbai - 9833698540

Advt.

BIO DATA



9820026940

vandanshah27@gmail.com

E-205,VEENA NAGAR OPP.SBI BANK,
S.V.ROAD, MALAD (WEST),MUMBAI-64

# VANDAN KISHOR SHAH

## PERSONAL DETAILS

- HEIGHT : 5. 9"
- WEIGHT : 90 KG
- BLOOD GROUP : O POSITIVE
- D. O. B : 28th OCT, 1988 (12:30pm) MALAD
- CASTE : ZALAWADI VISHASHRIMALI STHANAKVASI (JAIN)
- NATIVE PLACE : WADHWAN CITY, (NATHABHVAN FAMILY)

## BUISNESS

**IRON AND STEEL**
**JYOTI STEEL TRADERS (PARTNER)**
209, NEO CORPORATE PLAZA,
RAMCHANDRA EXTENSION LANE
OPP.KAPOL WADI, MALAD (WEST)
MUMBAI-400064

## FAMILY DETAILS

- FATHER : KISHOR CHANDULAL SHAH (9820026940)
- MOTHER : (LATE) JYOTIKA KISHOR SHAH
- BROTHER : ABHAY KISHOR SHAH (MARRIED)
- GRANDFATHER : (LATE) CHANDULAL HARJIVANDAS SHAH (DADBHAWALA)
- UNCLE : BHARAT CHANDULAL SHAH (9833240725)
- UNCLE : KIRIT CHANDULAL SHAH (9821023743)
- UNCLE : CHETAN CHANDULAL SHAH (9821137271)
- MOSAL : (LATE) VADILAL MOHANLAL SHAH (BOTAD)
- MAMA : RAJENDRA VADILAL SHAH (GHATKOPAR) (9821118441)

## EDUCATION

S.S.C., DIPLOMA IN OPTOMETRY,
COMPUTER TALLY COURSE

## STATUS

DIVORCEE

Advt.

BIO DATA



# Viraj Doshi

## ABOUT ME

- I have a really outgoing personality and enjoy learning new things. I'm also always up for an adventure or two.
- A good listener and a kind person. Strong-willed, goal-focused, and with a big heart
- Being understanding and open-minded. someone who thinks a relationship should have both freedom and space.
- Always Learning
- Likes going out and traveling.
- Likes to watch movies and enjoy sports.

## LOOKING FOR

- I'm seeking someone who appreciates traditional values while also being modern.
- Independent
- Who believes in granting freedom and space
- Respects each other at all stage of life.
- Supportive

## CONTACT

vdoshi04@gmail.com

5 & 6 - B, Neeldhara Bldg,
228-229 R.B. Mehta Marg,
Ghatkopar East, Mumbai - 400077

Date of Birth: **4th September 1996**
Birth Place & Time: **Mumbai 7:58 PM**
Height: **5'10"**
Native Place: **Botad (Gujrat)**
Caste: **Zalawadi Visa Shrimali Sthanakvasi Jain**
Education: **B.E. Computer Science**
Profession: **Senior Analyst at ReachLocal Services Pvt. Ltd.**
Siblings: **None**

## FAMILY DETAILS

Grand Father & Grand Mother:
**Late Hasmukhrai Jayalal Doshi**
**Late Pushpaben Hasmukhrai Doshi**
Father: **Deven Hasmukhrai Doshi**
Occupation: **Diamond Market**
Contact: **9820214139**
Mother: **Anisha Deven Doshi**
Occupation: **Home Maker**
Contact: **9869145375**

## PATERNAL DETAILS

**Uncle:**
- Bharatbhai Jayalal Doshi - 9870115802
- Umeshbhai Jayalal Doshi - 9773673135
- Sanjaybhai Jayalal Doshi - 9833594590
- Prashantbhai Jayalal Doshi - 9867707035

## MATERNAL DETAILS

**Nana & Nani:**
Late Purshottamdas Dharshibhai Doshi (Sara)
Late Hasumatiben Purshottamdas Doshi

**Mama:**
- Hasmukhbhai P. Doshi - 9820436514
- Bipinbhai P. Doshi - 9323949857
- Yashwinbhai P. Doshi - 9426969564
- Chandreshbhai P. Doshi - 9967799673

**Masi:**
- Kalpanaben S. Shah (Ranpur) - 9833268456
- Dharmistha R. Sheth (Panshina) - 9820075683

## HOBBY

Traveling Music Sports

Advt.

# ૭મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ
૦૮-૦૭-૧૯૩૫

અરિહંતશરણ
૨૮-૦૨-૨૦૧૬

## સ્વ. શ્રી પ્રવીણચંદ્ર વૃજલાલ ગાંધી

### વઢવાણ નિવાસી, હાલ બોરીવલી, મુંબઈ

હૃદય અમારું રડી પડે છે, જોઈ તસવીર આપની,
હૈયું માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની.
૭ વર્ષ વીતી ગયાં છતાં અશ્રુ અમારા સૂકાતા નથી,
સદાય હસતો ચહેરો રાખી, ઓચિંતી લીધી વિદાય.
જીવન એવું જીવી ગયા ને મૃત્યુને શોભાવી ગયા.
વ્યવહારમાં કદી ચૂક્યા નથી, ધર્મ કદી ભૂલ્યા નથી.
શ્રદ્ધાંજલિ આપતાં શબ્દો ખૂટે છે, અંજલિ આપતાં હૈયું તૂટે છે.
વારંવાર યાદ આવે છે તસવીર જોઈ આપની.
આપની યાદ ક્યારેય પણ ભુલાય તેમ નથી.


**એ જ આજ અમારા સૌના શ્રદ્ધાંજલિનાં પુષ્પો**

**શોકાતુર પરિવાર**

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | ભારતીબેન પ્રવીણચંદ્ર ગાંધી |
| પુત્ર-પુત્રવધૂ | : | મિલન-નીપા, બિરેન-હિના |
| પુત્રી-જમાઈ | : | સુષમા-દીપકકુમાર, પ્રીતિ-નીતિનકુમાર |
| પૌત્ર-પૌત્રી | : | હર્ષિત-મીતી, જેનિશા-રાજ શાહ, નિધિ, કરન, |
| દોહિત્ર-દોહિત્રી | : | પ્રાચી સાગર સંઘવી, વિધિ સ્મીત શાહ, સાગર-તાન્યા, અંકિત |
| પ્રપૌત્ર | : | મિરાન્શ, રિવાન્શ |

**સ્વ. વૃજલાલ શિવલાલ ગાંધી પરિવાર, સ્વ. મનુભાઈ મોહનલાલ સંઘવી પરિવાર**

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

માર્ચ ૨૦૨૩
વર્ષ : ૬૯ : : અંક : ૧૨
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૧૧. ફોન :૦૨૨-૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/-+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/-
છૂટક નકલ રૂા. ૭/-

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



ફાગણ ફોરમતો આયો
આયો રે આયો..
ફાગણ ફોરમતો આયો

લાલ લાલ લાલ લાલ રંગ પેલા કેસુડાના... પર લહેરાયો
ઋતુઓનો રાજા પેલો ફાગણ આંગણ આવી અલબેલો લહેરાયો..

ફાગણ ફોરમતો આયો...
આયો રે આયો..
ફાગણ ફોરમતો આયો...

ચારેકોર ઘુમતાને લઇ લઇ પીચકારી હોળીનો ગુલાલ રચાયો
સરરર રંગ છુટે લાડકડો લાડ લૂટે, ઉરમાં ઉમંગ સમાયો..

ફાગણ ફોરમતો આયો...
આયો રે આયો..
ફાગણ ફોરમતો આયો...

ગોરી ગોરા છોરા છોરી કરતાજી ડોરાડોરી ફાગણને લેતા વધાયો
હોળી કેરાં રસ ઘેલાં હેતમાં હરખ ઘેલાં લૂંટે લાડ લૂંટાયો
ફાગણ ફોરમતો આયો...
આયો રે આયો..
ફાગણ ફોરમતો આયો...

એના રંગે મલક રંગાયો
રે આયો..
ફાગણ ફોરમતો આયો

# સાધનાનું ભાથું



કંબોજના સમ્રાટ તિંગ-ભિંગની રાજ્યસભામાં એક દિવસ એક બૌદ્ધભિક્ષુક આવ્યો અને કહ્યું, 'મહારાજ, હું ત્રિપિટિકાચાર્ય છું. પંદર વર્ષ તીર્થાટન કરીને હું ધર્મના ગૂઢ તત્ત્વને પામ્યો છું. આપના રાજ્યમાં રાજ્ય-પુરોહિત થવાની મારી ઈચ્છા છે. જો તમે મને રાજ્ય-પુરોહિતના પદ પર સ્થાપિત કરશો તો કંબોજના રાજ્યનું શાસન ભગવત્ ઈચ્છા અનુસાર થશે.' આ સાંભળી જ્ઞાની સમ્રાટે સ્મિત કરી કહ્યું, 'તમારી ઈચ્છા સાત્ત્વિક છે. પરંતુ મારી પ્રાર્થના છે કે આપે જે ગ્રંથોનું અધ્યયન કર્યું, તેની ટીકા લખો. જે અનુભૂતિ મેળવી, તેને શબ્દદેહ આપો જેથી ભવિષ્યની પેઢી આપના અનુભવોને અનુસરે.' આ સાંભળી ભિક્ષુકને ગુસ્સો આવ્યો, પણ રાજ્ય-પુરોહિતના પદની લાલચે એ ચૂપ રહ્યો. તેણે રાજાનું સૂચન સ્વીકાર્યું. એક વર્ષ પછી ફરી તે ગ્રંથો તે રચીને રાજા સમક્ષ ઉપસ્થિત થયો.

સમ્રાટે ગ્રંથોનું અવલોકન કરી પ્રસન્ન થઈને કહ્યું, 'આ તો અદ્ભુત કાર્ય થયું. હવે તમે એક કામ કરો. એક વર્ષ સુધી એકાંતમાં રહી, આ ગ્રંથોનું ફરી અધ્યયન કરી, ધ્યાન, ધારણા અને સમાધિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો.' ફરી ભિક્ષુક ક્રોધે ભરાયો. પણ ફરી રાજ્ય-પુરોહિત બનવાની લાલસાએ ચૂપ રહી, તેણે સમ્રાટનું આ સૂચન પણ સ્વીકાર્યું.


ભિક્ષુકે પોતે રચેલા ગ્રંથોનું અધ્યયન કરતાં કરતાં ગ્રંથની રચનાઓમાં થયેલી ભૂલો દેખાવા લાગી. ભૂલો સુધારે, અને સમય મળે ધ્યાન-પ્રાર્થના કરે. આમ કરતાં-કરતાં પ્રાર્થના અને ધ્યાન દ્વારા, ભક્તિ અને નામ-સ્મરણ દ્વારા તેનામાં પ્રેમ જાગ્રત થયો. તે ધ્યાનમાં લીન બની જતો. સમયનું ભાન ન રહેતું. એક વર્ષ વીતી ગયું.

ભિક્ષુક રાજ્યસભામાં ન આવ્યો. તેથી સમ્રાટ પોતે નામાંકિત નગરજનોને લઈ નદી-કિનારે ભિક્ષુકની કુટિયાએ ગયા. વંદન કર્યાં. કહ્યું, 'આપ ન આવ્યા, એટલે હું આપને તેડવા આવ્યો છું, આવો... કંબોજના રાજ્ય-પુરોહિતનું પદને પામીને હું જે પામ્યો હોત તે કરતાં અનેકગણું વધુ મને આ સાધનાકાળ દરમિયાન મળ્યું છે. હું તે ગુમાવવા નથી માગતો. મને ક્ષમા કરો સમ્રાટ. આપ જેવા સમ્રાટના શાસનમાં કંબોજની પ્રજાને આચાર્યની જરૂર નથી. આપ મારો દીપ પ્રગટાવવામાં નિમિત્ત બન્યા છો. હું આપને વંદન કરું છું. ભગવાને એક જ વાક્યમાં સાર કહ્યો છે, 'અપ્પદીપો ભવ.' હવે મારે રાજ્ય-પુરોહિતના પદની કોઈ લાલસા નથી.'

સમ્રાટને વંદન કરી ભિક્ષુક ત્યાંથી ચાલ્યો ગયો.

❖❖❖

## બોધકથા



પોતાના માટે કરેલું કામ બીજાને માટે કરવું પડે ત્યારે વેઠ થઈ જાય. પતિ માટે કરેલી રસોઈમાં પ્રેમ હોય છે. પરિવાર માટે કરવું પડે તો વેઠ થઈ જાય - જેનામાં પ્રેમ-ભાવ-લાગણીનું ઉમેરણ હોય તે કાર્ય સુંદર થાય.

અકબરે તાનસેનને કહ્યું, મને તારા ગુરુ હરિદાસનું સંગીતમય ભજન સાંભળવું છે.

તાનસેન કહે, એ દરબારમાં ન આવે, પણ વહેલી પરોઢે તેમના રિયાઝ-ભજન ગાવાના સમયે આપણે છૂપી રીતે જઈએ તો સાંભળવા મળે... બીજા દિવસે ગુપ્ત રીતે ગયા અને ભજન સાંભળી બંને રસથી તરબોળ થઈ ગયા. મન-હૃદયમાં દિવ્ય ગીત-સંગીતના શબ્દો ગુંજતા રહ્યા.

ફરી થોડા દિવસ થયા એટલે બાદશાહે તાનસેનને કહ્યું, પેલું આપણે હરિદાસ સ્વામી પાસે જે ભજન સાંભળ્યું હતું એ જ ભજન સંભળાવ...

તાનસેને દરબારમાં એ જ ભજન, એવી જ રીતે પ્રેમથી ગાયું... બધાએ વખાણ્યું પણ ખરું... પણ પછી સાંજે બાદશાહ-તાનસેન એકલા ફરવા નીકળ્યા ત્યારે બાદશાહે તાનસેનને કહ્યું - તેં ભજન ભલે પ્રેમથી ગાયું પણ તારા ગુરુ જેવું દિવ્ય અને મધુર કેમ ન લાગ્યું ?

તાનસેને હળવેકથી જવાબ દીધો, 'મારા ગુરુ માત્ર ઈશ્વર માટે ગાતા હતા, જ્યારે હું એક નોકર તરીકે બાદશાહ માટે ગાતો હતો - એટલે આટલો તફાવત રહે ને ?'

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ

## ૬ ટ્રસ્ટીઓની તથા કાર્યવાહક સમિતિના ૨૧ સભ્યોની ચૂંટણી

**ચૂંટણી તારીખ : સોમવાર, ૦૧-૦૫-૨૦૨૩**

**ચૂંટણીનું સ્થળ : શ્રી અમુલખ અમીચંદ હાઈસ્કુલ, રફી અહમદ કિડવાઈ રોડ, માટુંગા, મુંબઈ - ૪૦૦ ૦૧૯.**

**સમય : સવારે ૧૦.૦૦ કલાકથી બપોરે ૪.૦૦ કલાક સુધી**

**સભ્ય ભાઈ-બહેન,**

ઉપરોક્ત સંસ્થાની ૬ ટ્રસ્ટીઓની તથા કાર્યવાહક સમિતિના ૨૧ સભ્યોની ચૂંટણી તા. ૦૧-૦૫-૨૦૨૩ ને સોમવારે સવારે ૧૦-૦૦ થી ૪-૦૦ સુધી શ્રી અમુલખ અમીચંદ હાઈસ્કુલ, રફી અહમદ કીડવાઈ રોડ, માટુંગા, મુંબઈ - ૪૦૦ ૦૧૯, સ્થળે યોજવામાં આવી છે તો સંસ્થાના સર્વ સભ્યોએ આ સમય દરમ્યાન મતદાન કરી જવા વિનંતી છે.

- ચૂંટણી માટેના મતદાતાઓના નિયમો તથા ઉમેદવારો માટેના નિયમો નીચે આ પ્રમાણે છે :
- આ ચૂંટણી માટે **શ્રી અશ્વિનભાઈ કાંતીલાલ શાહ**ની મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક કરી છે. તથા શ્રીમતી હિનાબેન અતુલભાઈ પારેખ અને શ્રી સચિનભાઈ પ્રવિણભાઈ ગોપાણીની મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક કરી છે.
- 'ઝાલાવાડી સભા'ના દરેક સભ્યોને ચૂંટણી માટે અલગ સૂચનાપત્ર મોકલાતો નથી. પણ પત્રિકા દ્વારા માહિતી આપવામાં આવે છે તેની નોંધ લેવા વિનંતી.

### ઉમેદવારો માટેના નિયમો

(૧) ચૂંટણી અધિકારીનો નિર્ણય દરેક બાબતમાં સર્વેને બંધનકર્તા રહેશે. તેમજ ચૂંટણી અધિકારીએ આપેલ દરેક સુચનાનું પાલન કરવાનું રહેશે.

(૨) ચૂંટણીનું પરિણામ આખરી ગણાશે અને ચૂંટણી પરિણામ જાહેર થયા પછી ફરી મતગણતરી recounting કરવા માટે ઉમેદવારના સ્વખર્ચે ચુંટણી કમિશ્નર નક્કી કરે તે સમય મુજબ કરવામાં આવશે.

(૩) ઝાલાવાડી સભા (મુંબઈ) ના તા. ૩૧-૧૦-૨૦૨૨ સુધી 'રિન્યુઅલ સભ્ય હોય તે જ' ઉમેદવારી નોંધાવી શકશે. (એટલે કે ૩૧-૧૦ ૨૦૨૨ વાર્ષિક સભ્યએ લવાજમ રિન્યુ કરાવ્યું હોય તે સભ્ય) અને જેઓ ચૂંટણીના દિવસ પહેલા બે વર્ષથી સંસ્થાનું સભ્યપદ (લવાજમ ભરેલ) હોય તે સભ્ય ઉમેદવારી નોંધાવી શકશે. ટ્રસ્ટી માટે ઓછામાં ઓછા ૫ વર્ષ સુધી સંસ્થાના સભ્ય હોવા જોઈએ તથા એક ટર્મ માટે કારોબારીના સભ્ય હોવા જોઈએ તથા સંસ્થાના આજીવન સભ્ય હોવા જોઈએ.

(૪) **ઉમેદવારી પત્રક મેળવવાની તારીખ :** ઉમેદવારે લેખિત અરજી કરીને નિયત કરેલું ઉમેદવારી પત્રક સંસ્થાના કાર્યાલયના કામકાજના સમયે તા. ૧૭-૩-૨૦૨૩ થી તા. ૨૭-૩-૨૦૨૩ સુધી રૂા. ૧૦૦/- આપી પ્રાપ્ત કરવાનું રહેશે. (રવિવાર તથા રજાના દિવસ સિવાય). ઉમેદવાર 'ઝાલાવાડી સભા'ના સભ્ય હોવા જરૂરી છે.

(૫) **ઉમેદવારી નોંધાવવાની તારીખ :** તા. ૨૪-૩-૨૦૨૩ થી તા. ૨૫-૩-૨૦૨૩ અને ૨૭-૦૩-૨૦૨૩ સુધી ઝાલાવાડી સભાના કાર્યાલયે ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવવાની રહેશે તથા તેની રસીદ મેળવી લેવાની રહેશે. ઉમેદરવારી પત્ર સાથે રૂા. ૫૦૦૦/- કાર્યવાહક સમિતિ તથા રૂા. ૧૧,૦૦૦/- ટ્રસ્ટી માટે ભરવાના રહેશે જે પરત આપવામાં આવશે નહીં.

(૬) દરેક ઉમેદવારે પોતાના પાસપોર્ટ સાઈઝના લેટેસ્ટ ત્રણ ફોટા આપવાના રહેશે. (નાના-મોટા ફોટા ચાલશે નહી)

(૭) **ઉમદેવારી પત્રકની ચકાસણીની તારીખ :** તા. ૨૯-૩-૨૦૨૩ થી તા. ૩૦-૩-૨૦૨૩ ના રોજ ઉમેદવારી પત્રકની ચકાસણી કરવામાં આવશે.


(૮) **ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ :** તા. ૩-૪-૨૦૨૩ ના સાંજે ૫.૦૦ કલાક સુધી જ સંસ્થાના કાર્યાલયે નિયત કરેલા અરજી ફોર્મ ભરીને ઉમેદવાર પોતે ઉમેદવારી પાછી ખેંચી શકશે.

**કાર્યાલયનો સમય :** સવારે ૧૧-૦૦ થી સાંજે ૬-૦૦ સુધી (રવિવાર તથા રજાના દિવસ સિવાય)

- સભાના કાર્યાલયમાં ઉમેદવારી નોંધાવતા પહેલાં ઉમેદવારી પત્રકની અને ઉમેદવારી પાછી ખેંચતાં પહેલાં નિયત કરેલાં અરજી ફોર્મની copy ચૂંટણી અધિકારી શ્રી અશ્વિનભાઈ શાહને WhatsApp. No. 9820027502 ઉપર મોકલવાનું રહેશે.
- વિસ્તૃત વિગત હવે પછીની પત્રિકામાં જાહેર કરવામાં આવશે.
- અત્રે ઉમેદવારો માટે પ્રાથમિક -Primary નિયમો આચાર-સંહિતા આપવામાં આવેલ છે. - વિસ્તૃત વિગત ઉમેદવારી પત્રકમાં રહેશે.
- મતદારના નિયમો-આચાર સંહિતાની વિગત આગામી પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવશે.
- ચૂંટણી અધિકારીના ઉપરોક્ત દર્શાવેલા નિયમો/ચૂંટણી સ્થળ તારીખ અને સમયમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર રહેશે.
- ઉપરોક્ત દરેક નિયમ ચૂંટણીલક્ષી કાર્યવાહી પારદર્શક બને તથા ચૂંટણી અધિકારીને સહાયરૂપ બને તે માટે રાખવામાં આવેલ છે.

# રાજુનો નિબંધ

જિતેન્દ્ર શાહ



**સા**તઆઠ વર્ષનો રાજુ તેનાં માતાપિતાનું એકમાત્ર સંતાન. તે ગોરો, હસમુખો અને ભારે મળતાવડો. મારા કેટલાક પ્રિય વિદ્યાર્થીઓમાંનો તે એક હતો.

ન જાણે કયા કારણસર પરંતુ હમણાં હમણાં તે અભ્યાસમાં પાછળ પડતો જતો હતો. તેનાં તોફાનો પણ વધતાં જતાં હતાં અને તેનો સ્વભાવ ચીડિયો થતો જતો હતો.

એક શિક્ષક હોવાને નાતે મને બહારથી જે જાણવા મળ્યું હતું તે પ્રમાણે રાજુનાં માતાપિતાનું લગ્નજીવન બહુ સુખી ન હતું. રાજુના શાંત સ્વભાવમાં પરિવર્તન આવવાનું મુખ્ય કારણ કદાચ આ હતું. મારા એક શિક્ષક મિત્રની ધારણા મુજબ તો તે દંપતી વચ્ચેનો કંકાસ છૂટાછેડામાં પરિણમે તોપણ બહુ આશ્ચર્ય થાય તેવું નહોતું.

મારા પ્રિય વિદ્યાર્થીના અભ્યાસમાં જે પીછેહઠ થઈ રહી હતી - પ્રકૃતિમાં જે દુ:ખદ પરિવર્તન આવી રહ્યું હતું તે મારા માટે ઊંડી ચિંતાનો વિષય હતો. એક વર્ગશિક્ષકની હેસિયતથી તે પરિવર્તન બાબત વિચારણા કરવા તેમને બંનેને મારા વર્ગમાં મેં બોલાવ્યાં. તેમને એક જ સમયે મને મળવાનું હતું તે બંનેમાંથી કોઈ પણ જાણતું નહોતું.

મુલાકાતનો સમય થતાં જ રાજુનાં મમ્મી પહેલાં આવ્યાં અને મારા ટેબલ સામેની ખુરસી પર ગોઠવાયાં. થોડી વાર પછી રાજુના પપ્પા પણ ઑફિસેથી સીધા જ મને મળવા આવ્યા અને પોતાની પત્નીની બાજુની ખુરસી પર બેઠક લીધી. એક વાતનો મને આનંદ થયો કે, બંને પતિ-પત્ની પોતાના સંતાનની બાબતમાં સરખાં જ ચિંતિત હતાં.

એક વર્ગશિક્ષકની સામે તેમની બંનેની ઓચિંતી મુલાકાત સર્જાતાં અચરજ અને અણગમાની લાગણી અનુભવતાં બંનેએ એકબીજાની હાજરીની જાણે સાવ અવગણના કરી !

મેં તેમને રાજુની કથળતી જતી માનસિક સ્થિતિ અને લથડતા જતા અભ્યાસ બાબત વિગતવાર વાતચીત કરી. મારે તેમનું ખાસ તો ધ્યાન ખેંચવું હતું કે તેમની વચ્ચેનો વધતો જતો વિખવાદ જ રાજુના અશાંત વર્તનનું મુખ્ય જ નહીં, એકમાત્ર કારણ હતું. કયા શબ્દોમાં અને કઈ રીતે તેમનું ધ્યાન ખેંચું તે હું નક્કી નહોતી કરી શકતી. તેમની અંગત લાગણી ન દુભાય તે રીતે મારે મારી વાતની રજૂઆત કરવાની હતી. બરાબર અણીને સમયે જ મને રાજુએ વર્ગમાં લખેલ નિબંધ 'મારા મા-બાપ' યાદ આવી ગયો.

મારા ટેબલના ખાનામાંથી મેં રાજુની નિબંધ બુક બહાર કાઢી અને તેમાંથી તેણે જાતે લખેલ નિબંધ 'મારાં મા-બાપ'નું પાનું ખોલ્યું. પાનું થોડું ચોળાયેલું અને આંસુઓથી ખરડાયેલું હતું.

મેં હળવેકથી રાજુની મમ્મીના હાથમાં તે નિબંધનં પાનું મૂક્યું. તેમણે એક નજર તેના પર ફેરવી અને એક પણ શબ્દ ઉચ્ચાર્યા સિવાય તે નિબંધ પોતાના પતિના હાથમાં આપ્યો. માત્ર ત્રણચાર પંક્તિનો તે નિબંધ વાંચી રાજુના પપ્પા પણ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા.

અંતે ખૂબ સાચવીને તેણેનિબંધની બુક બંધ કરી અને મારા હાથમાં મૂકી.

પત્નીનો લંબાયેલો હાથ પોતાના હાથમાં લીધો. પત્નીએ આંસુભીની આંખો લૂછી હળવું સ્મિત કર્યું. ધીજી રહેલા સંબંધોનો બરફ જાણે ઓગળવા લાગ્યો ? બંને વચ્ચે રાજમિયા અણધાર્યા - અણચિંતવ્યા મિલને મારી આંખો પણ ભીની થઈ આવી. હાથમાં હાથ પરોવી એક પણ શબ્દ ઉચ્ચાર્યા સિવાય બંનેએ એકસાથે જ વર્ગ છોડ્યો.

પાટા પરથી ખડી ગયેલી લગ્નજીવનની ગાડીને ફરી પાટા પર લાવવા માટે જે શબ્દો હું ખોળી રહી હતી તે શબ્દો જ પેલા નિબંધ દ્વારા જાણે પ્રભુએ જ ખોળી આપ્યા. તે શબ્દો એક નાનકાના ઘવાયેલા હૈયાની અસીમ પીડા વ્યક્ત કરતા હતા.

શબ્દો હતા : ''વહાલી મમ્મી, વહાલા પપ્પા, હું તમને બંનેને ચાહું છું, ખૂબ ચાહું છું. તમારામાંથી હું કોઈને પણ ખોવા નથી માંગતો પ્લીઝ.''

❖❖❖

### હસ્તાક્ષર

પીગળે છે પ્રકૃતિ
ને વહે છે ગંગા-નર્મદા.
પહાડોને તોડતી
સભ્યતાને પોષતી
સુખ-દાયિની સદા-સર્વદા
પીગળે છે સ્ત્રી...
તો બને છે અનોખી રચના
રૂઢિઓને તોડે
સભ્યતાને પોષે
સુખદાયિની
રહે સંઘર્ષરત સદા.
એ સંઘર્ષના
ઈતિહાસ પર
પૃથ્વી કરે
હસ્તાક્ષર,
સ્ત્રી એટલે
પૃથ્વીના હસ્તાક્ષર !

વંદના શાંતુઈન્દુ

# એડજસ્ટ



રસોડામાં આવેલા જયેશે પહેલો પ્રશ્ન પૂછ્યો ! 'શીતુ,' દાળ વઘારી ? વાહ મસ્ત વઘાર થયો. આખા ઘરમાં સુગંધ આવે છે. પણ પપ્પા માટે મેથીનો વઘાર વગરની દાળ કાઢી કે ભૂલી ગઈ ?''

આ પ્રશ્ન સાથે જ શીતલ ખિજાઈ ગઈ ! 'ભઈસાબ, તમારા પપ્પાને મમ્મીએ બહુ બગાડ્યા છે. રાંધવામાં દરેક વસ્તુ અલગ અલગ બનાવવાની, ખરેખર રાંધનારીનો તો મરો જ થઈ જાય છે. ખાંડ વિનાની મોળી ચા કાઢી લેજે પપ્પા માટે, ને પપ્પાને કારેલાનું શાક નથી ભાવતું, એના માટે અલગ બનાવજે, કઠોળમાં વાલ ન બનાવવા, પપ્પાને ન ભાવે, કાં તો એમના માટે અલગ બનાવજે. શીતુ, કૉફી જરા કડક બનાવજો. આ બધું, મમ્મી હતાં તો બધું યાદ રાખીને અલગ કાઢી લેતાં, અલગ બનાવી લેતાં, પણ મારાથી આ બધું નથી થતું. હું તો કંટાળી ગઈ છું તમારા પપ્પાથી !'

રિક્ષા સ્ટેન્ડ સુધી પૌત્ર મોન્ટુને મૂકવા જતા દાદા નવીનભાઈના કાને પુત્રવધૂના થોડાક છેલ્લા શબ્દો કાને પડ્યા. એમના પગ ઘડીભર થંભી ગયા - 'દાદાજી, મારે બધાની સાથે રિક્ષામાં નથી જવું. દરરોજની જેમ મને સ્કૂટર પર મૂકી જાઓ ને' મોન્ટુ પગ પછાડીને જીદ કરી રહ્યો હતો ! 'ના બેટા, હવે તમે મોટા થઈ ગયા. આ બીજા છોકરાઓ પણ રિક્ષામાં જ જાય છે ને, તમારે પણ મોન્ટુભાઈ, એમની સાથે હળી-મળીને જવાનુ.' નવીનભાઈએ નાનકડા મોન્ટુના માથે પ્રેમથી હાથ ફેરવી, ફોસલાવી, પટાવીને મોન્ટુને સ્કૂલે જવા માટે રિક્ષામાં બેસાડી દીધો.

'વળી પાછા પોતાને ભાવતાં શાકના થેલા ભરી આવ્યા હશે, તમારા પપ્પા ?' નવીનભાઈની હાથમાં શાકની થેલી જોઈને શીતલે મોઢું મચકોડ્યું !

'શીતલ બેટા, આ જો તાજી ને કૂણી કાકડી લાવ્યો છું રાયતા માટે, એનાં કેળાં પણ' નવીનભાઈએ થેલી ડાઈનિંગ ટેબલ પર મૂકતાં કહ્યું.

'પણ પપ્પા, તમને તો મોગરીનું રાયતું જ ભાવે છે તો કાકડી શું કામ લાવ્યા ? અને કેળાનું યે કયાં ભાવે છે ? અને આ ભીંડો ? એકેય શાક તમારું ભાવતું તો આજે લાવ્યા જ નથી. હું શું બનાવીશ તમારા માટે ?'

શીતલ હજુ બોલવા જતી હતી પણ તેને રોકીને નવીનભાઈ બોલ્યા : 'મને ભલે ને ન ભાવે, પણ શીતલ બેટા, તને તો ભાવે છે ને ? અને એક વાત કહું બેટા, એવુંય બને કે તમારાં સાસુના હાથનું નહોતું ભાવતું મને, પણ તમે તો બધીયે રસોઈ એટલી જોરદાર અને સ્વાદિષ્ટ બનાવો છો કે, ન ભાવતાને ય ભાવવા લાગે. અને એક વાત કહું શીતલ બેટા, હવે આ બધું ખવડાવીને મને બગાડવાની જવાબદારી તારી !' એમ કહીને નવિનભાઈ રસોડાની બહાર નીકળી ગયા.

શીતલ એમને જતા જોઈ રહી. જયેશ સામે જોઈને કહે, 'આ, આજ પપ્પાને થયું છે શું ? સાવ બદલાયેલા કેમ લાગે છે ?'

પોતાના રૂમમાં જઈને નવીનભાઈ સદ્‌ગત પત્નીના ફોટા સામે મીટ માંડીને જોઈ રહ્યા, અને હળવેથી બોલ્યા, 'જોને, તેં મને સાચે જ બહુ બગાડી નાખ્યો હતો પ્રેમા, હવે હું સુધરી ગયો. જો, હું મોટો થઈ ગયો. બોલતાં નવીનભાઈથી એક ડૂસકું નંખાઈ ગયું.

**પ્રિયદર્શના દીપક ત્રિવેદી**

❖❖❖

આપણામાં સમજણનો દરિયો જો હોત -
તો છીછરા પાણીમાં આમ
અધવચ્ચે ડૂબ્યાં ના હોત !
તડકાની મ્હેંક તારી આંખોમાં છલકી'તી
ચાંદની શા મ્હેક્યા'તા શ્વાસ;
હળવી હવાને એક હિલ્લોળે પાન ખરે
આપણો એમ છૂટ્યો સહવાસ !
પછી અમથુંયે જોયું નહીં, અમથુંયે બોલ્યાં નહિ
આમ અમથુંયે રૂઠ્યાં ના હોત ! આપણામાં...
ઝરમરતી ઝીણેરી વાતમાંથી આપણે તો
આભલાનો ઓઢી લીધો ભાર,
હસ્યાં-મળ્યાંનાં બધાં સ્મરણોને મૂકી દીધાં
જીવતરના હાંસિયાની બહાર....!
કાશ અહમ્‌ના એકડાઓ વારંવાર આપણે
આમ, આંખોમાં ઘૂંટ્યા ના હોત !...
આપણામાં...

- યોસેફ મેકવાન

# રૂહાની ઈશ્ક

**સુભાષ ભટ્ટ**



વરસો પહેલાં પંજાબના જગદેઉ ગામમાં એક ફકીર થઈ ગયો. તે જે વૃક્ષ નીચે બેસતો લોકો તેને પણ પૂજતા અને માનતા રાખતા. એક વાર તે ગામની જ ઈલાહી નૂરથી ચમકતી એવી યુવતી તેણે જોઈ અને અલ્લાહના દીદાર થયા હોય તેવી અલૌકિક અવસ્થા ફકીરે અનુભવી અને યુવતી પણ ગ્રીષ્મ હોય કે વર્ષા છુપાતી-છુપાવતી આવતી અને ફકીરને પકવાનો જમાડતી. જેમાં ઈશ્ક સંવેદન અને નિવેદન બન્ને હતું.

પણ આ રૂહાની નાતો ગામને માફક ન આવ્યો. આમ પણ ફકીર મુસલમાન અને યુવતી હિન્દુ હતી. આખરે એક મધરાતે ફકીર અધૂરી કથા છોડીને જ બીજે ક્યાંક ચાલ્યો ગયો...

અહીં પેલી યુવતીને ખબર ન હતી કે ફકીર કયે રસ્તે ગયો. ગામમાંથી તો ત્રણ રસ્તા પસાર થતા હતા. ગ્રીષ્મમાં આ રસ્તે મુસાફરો તરસ્યા રહેતાં. પેલી યુવતીએ ત્રણે રસ્તે કૂવાઓ ખોદાવી બધાને પાણી પાવાનું આરંભ્યું. પેલી યુવતીનું યૌવન તો વીતી ગયું. પણ તેની પવિત્ર પ્રતીક્ષા જ તેની પ્રાર્થના બની ગઈ. પ્રેમીના પ્રાણ એકબીજામાં છુપાયેલા હોય છે. તેથી જ પ્રેમની ખોજ અંતતઃ પરમની ખોજ બની જાય છે.

પેલો ફકીર એક વાર તે રસ્તે પસાર થયો. બન્નેએ પ્રેમ-ચૈતન્યને ઓળખ્યું. આખા આયખાનો વિરહ આંખોમાં ઊતરી આવ્યો. પેલી જલ ભરેલ પ્યાલો આપતાં કહે, 'તારા દીદારની તરસે જ મને રાહગીરોની તરસ છિપાવતી કરી. તેની તૃષા તૃપ્તિમાં જ મને તારા દીદારની તૃપ્તિ થાય છે.'

આ મૃત્યુલોકમાં અમૃતની અને ક્ષણભંગુર જગતમાં શાશ્વતીની ઝલક ઈશ્કમાં જ છે. રૂહાની ઈશ્ક જ મૃણ્મયને ચિન્મય બનાવી દે છે. ઈશ્કની અવસ્થામાં જીવનતરંગ તેના અંતિમ શિખરને આંબે છે. જ્ઞાની ભટકે છે અને પ્રેમી પહોંચે છે. પૃથ્વી પર પરમને પ્રેયસીનો દરજ્જો સૂફીઓ જ આપી શક્યા છે. તેમને મન ઈશ્ક કૃત્ય નથી પણ પરમની કરુણા છે. ઈશ્કમાં આરંભે જ ઓળખ ઓગળી જાય છે. તેમાં દેહનો અને મનનો કિનારા ત્યાગીને જીવન-પ્રવાહમાં વચ્ચે ઝંપલાવાનું છે. ઈશ્ક એટલે વિરહ અને વિસર્જન વચ્ચે થતી સાધના. ઈશ્ક કોઈ ક્ષણિક કંપન નથી પણ સમાધિ જેવી સ્થિર અવસ્થા છે જે આજન્મ રહે છે. સરેરાશ પ્રેમ તો ભીની લાકડીના સળગવા જેવો છે, થોડો અગ્નિ ઘણો બધો ધુમાડો. જ્યારે રૂહાની ઈશ્ક એટલે નર્યો પાવક અગ્નિ.

આજે પણ રૂહાની ઈશ્કનું સાક્ષી જગદેઉ ગામ કૂવાવાળીના ગામ તરીકે ઓળખાય છે.

❖❖❖

# મંગલમય પ્રાર્થના



તમારી સાધનપ્રવૃત્તિ ચાલુ જ રાખશો.
ક્યારેક ઘોર નિરાશા પણ ઘેરી લેશે અને
સર્વત્ર નિબિડ અંધકાર પણ છવાયેલો જણાશે;
પરંતુ એ સમય પણ ટકશે નહિ.
ફરી આશા અને ઉત્સાહનો વેગ આવશે.
ફરી પરમને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા તીવ્ર બનશે.
કારણ કે, તમારો અંતર્યામી
તમને પરમ ધ્યેય પહોંચાડ્યા વિના જંપશે નહિ.
સંનિષ્ઠા અને સત્સંકલ્પ
તમારા અંતરમાં શરૂઆતમાં એક નાનું નક્ષત્રતેજ ઊભું કરશે.
એને સહારે તમારે કલ્યાણયાત્રા ચાલુ રાખવી
તમારી સતત જાગૃતિ અને ભગવતી માતાની કૃપા
સમય જતાં એ નાના પ્રકાશને
સ્વયંદ્યુતિમાન મહાજ્યોતિમાં ફેરવી નાખશે.



# ધન્નાસિંહ

ધન્નાસિંહ શીખ હતા. પંજાબના બાઈબલપુર નામના ગામમાં તેનો જન્મ થયો હતો. તે શરીરે બળવાન હતા. સાહસ અને ઉત્સાહ એની નસે નસમાં ભરેલાં હતા. બીક શી ચીજ છે એ તો તે જાણતા જ નહિ.

ગુરૂકા બાગમાં અકાલિઓ ઉપર બ્રિટિશ સત્તાવાળાઓએ જે અત્યાચારો કર્યા, એ જોઈ એમની આંખમાં લોહી તરી આવ્યું. તેમને પ્રતીતિ થઈ ગઈ કે પરદેશી સરકાર હિંદીઓના શાંતિમય આંદોલનની કદી કદર કરવાની નથી અને તેનું કશું જ પરિણામ પણ આવવાનું નથી. માટે જેવા સાથે તેવા થવું જ પડશે. એ વખતે બીજા કેટલાક શીખ દેશભક્તો ભારતને અંગ્રેજોની નાગચૂડમાંથી છોડાવવા કોઈ બીજો જ માર્ગ ગ્રહણ કરી રહ્યા હતા એ વખતે બબ્બર અકાલી આંદોલનની યોજના થઈ અને ધન્નાસિંહે પણ શરૂઆતથી જ એમાં ઝુકાવી દીધું.

પ્રચારકાર્ય અને સંગઠન એ વસ્તુ આ આંદોલનના પાયામાં જ પડી હતી. પણ સાથે સાથે જે લોકો દેશદ્રોહી બની વિશ્વાસઘાત કરી સરકારને બાતમી પહોંચાડે ને દેશક્તોને ગિરફ્તાર કરવામાં મદદ કરે તેમને ઉચિત દંડ દેવાની નીતિ પણ આ આંદોલનમાં સ્વીકારવામાં આવી હતી. પટવારી અર્જુનસિંહ પોલીસ સાથે મળી અકાલીઓને દરેક રીતે નુકસાન પહોંચાડી રહ્યો છે એ વાત જાણવામાં આવતા ધન્નાસિંહ અને એના સાથીદારોએ એને યમસદન પહોંચાડવા પ્રયત્ન કર્યા અને આખરી પ્રયત્નમાં તેમને સફળતા પણ મળી.

એક દિવસની વાત છે. ધન્નાસિંહ અને એના સાથીઓ પોતાના ગુપ્તવાસમાં બેઠા બેઠા બબ્બર અકાલી આંદોલન અંગે વિચાર કરી રહ્યા છે એ વખતે એક સાથીદારે કહ્યું ''ભાઈ હમણાં રાણી થાણાના જમાદાર બિસનસિંહે બહુ ઉપાડો લીધો છે. આપણા કામમાં તે દરેક રીતે પથરા નાખી રહ્યો છે ને આંદોલનને દબાવી દેવા ફરી કોશિશ કરી રહ્યો છે.''

''તો એનો પણ હિસાબ પતાવી લઈએ.''
ધન્નાસિંહે કહ્યું.

અને એ પછી થોડા દિવસમાં જ એટલે ૧૯૨૩ના ફેબ્રુઆરીની ૧૦ મી તારીખે ધન્નાસિંહ અને તેના એક સાથીદાર બન્તાસિહંને હાથે બિસન સિંહ માર્યો ગયો. એ પછી તુરત જ ક્રાંતિકારી મથકથી જાહેર કરવામાં આવ્યું કે બિસનસિંહ દેશદ્રોહનું કામ કરી રહ્યા હતાં. એ બગડી ગયો હતો. એને સુધારવા માટે જ આ દુનિયામાંથી રજા આપવામાં આવી છે. હવે એ પૂરેપુરા સુધરીને નવો જન્મ ધારણ કરશે.''

બન્તાસિંહ ધામિયા અને ધન્નાસિંહે માથે મળા 'બુટા' નામના મુખી (લમ્બરદાર)ની હત્યા કરી હતી. કારણ આ બુટાએ કેટલાયે નિર્દોષ અકાલી વીરોને પોલીસની જાળમાં ફસાવી હેરાન પરેશાન કરી દીધા હતા. ૧૯૨૩ના માર્ચ ૧૯મી તારીખે ધન્નાસિંહે ત્રણ સાથીઓનો સાથ લઈને 'મિસ્ત્રી' લાભસિંહને 'સુધાર્યો' એ પછી એના જ ગામનો હાજારા નામનો માણસ જે બેવફા નીકળ્યો અને અકાલી વીરોની નીતિરીતિ અંગે તેમજ આંદોલન સંબધમાં બીજી ઘણી બાતમીઓ સરકારને પહોંચાડવા લાગ્યો તેના સાથે સીધી લડાઈ કરીને તેને પૂરો કર્યો. એ પછી 'બબ્બર અકાલી' નામની પત્રિકામાં એ વિષેની ખબર નીચે મુજબ આપવામાં આવી...

ઈનામ! ઈનામ! ઈનામ!

આજે માર્ચ મહિનાની સતાવીશમી તારીખે હાજાર સિંહને અકાલી વીરો વિરુદ્ધ બ્રિટિશ સરકારને બાતમી પહોંચાડવાના કામ માટે ત્રણ વીઘા જમીન એટલે કે ત્રણ ગોળી ઈનામમાં મળી છે.

આ પ્રમાણે વિશ્વાસઘાતી અને દેશદ્રોહી બાતમીદારોને એમના અપરાધનો દંડ દેતા તથા બબ્બર અકાલી આંદોલનનું પ્રચારકાર્ય કરતાં કરતાં એક દિવસ ધન્નાસિંહ સરકારી ગિસ્તને હાથે ઘેરાઈ ગયા. એ દિવસે ૧૯૨૩ના ઓક્ટોબરની ૨૫મી તારીખ હતી. ધન્નાસિંહને તેના જ એક સાથીદાર જ્વાલાસિંહે દગો દીધો હતો. અને એ કારણે જ એ આ રીતે ફસાઈ ગયા હતા.

બબ્બર અકાલી વીર તરુણ દિલીપસિંહ જ્યારે સરકારની પોલીસને હાથે પકડાઈ ગયાના સમાચાર ધન્નાસિંહને કાને આવ્યા ત્યારે એ પોતાના સાથીદાર જ્વાલાસિંહને મળવા ગયા. તેને પૂછ્યું કે તરુણ દિલીપ કેવી રીતે પકડાઈ ગયો ? જ્વાલાસિંહે જવાબ આપ્યો. ''મને પણ એની જ નવાઈ લાગે છે. ઘરના ભેદિયા સિવાય આ બાતમી સરકારમાં કોઈ પહોંચાડી શકે નહિ. જરૂર કોઈએ દગો દીધો લાગે છે. આપણે તેની

તપાસ કરવી જોઇએ.''

ધન્નાસિંહ જ્વાલાસિંહની વાતથી ભોળવાઈ ગયા. ખરી વાત એ હતી કે તરુણ દિલીપસિંહ સાથે પોલીસને બાતમી આપનાર જ્વાલાસિંહ પોતે જ હતો. તે સરકારના જાસુસો સાથે મળી ગયો હતો અને બીજા અકાલી વીરોને પકડાવવાનું સરકારને વચન આપ્યું હતું.

એ પછી જ્વાલાસિંહે ધન્નાસિંહ સાથે વધુ ને વધુ મળવાનું ચાલુ રાખ્યું. એક દિવસ બન્ને જણ એક ગામની સીમમાં શેરડીના વાઢમાં સંતાઈને બેઠા હતા. ત્યારે કંઈક કામનું બહાનું બતાવી જ્વાલાસિંહે ધન્નાસિંહને કહ્યું : ''તમે અહીં બેસો હું હમણાં જ ગામમાંથી થોડો નાસ્તો લઈને આવું છું ધન્નાસિંહ બિચારા તેની વાટ જોઈને બેઠા રહ્યો.

આ બાજુ જ્વાલાસિંહે પોલીસ થાણામાં જઈને ખબર આપી કે ધન્નાસિંહ ગામની સીમમાં શેરડીના વાઢમાં બેઠો છે. આ ખબર સાંભળી પાલીસ સબ-ઈન્સ્પેક્ટર ગુલ્જારસિંહે હોશિયારપુરના ગોરા પોલીસ ઉપરીને બાતમી પહોંચાડી. પોલીસ ઉપરી મિ. હાર્ટને તુરત જ ચુનંદા પોલીસોની ટુકડી તૈયાર કરી ને જ્વાલાસિંહને કહ્યું કે તમે કોઈ રીતે ધન્નાસિંહને સીમમાંથી ગામમાં લઈ આવો. જ્વાલાસિંહ નાસ્તો વગરે લઈ સીમમાં આવ્યો. બન્નેએ નાસ્તા પાણી કર્યા પછી ધન્નાસિંહને કહ્યું, ''ગામ આખું અકાલી આંદોલનની તરફેણમાં છે વળી મારા બે ત્રણ ભાઈબંધો છે. આપણે ગામમાં જઈને રાત રહીએ. જ્યારે આટલી સગવડ છે ત્યારે નકામાં ખેતરમાં રાત શું કામ વીતાવવી ?' આમ કહીને ધન્નાસિંહને તે મનનહાના નામના ગામમાં લઈ આવ્યો તે એને ચોરે બેસાડી કહ્યું કે હું હમણાં જ બધી તૈયારી કરીને આવું છું. એ પછી કર્મસિંહ નામના એક ગામડિયાને ત્યાં એ લોકોના ઢોરના વાડામાં ખુલ્લા ફળિયામાં બે પાટ ઉપર પથારી કરી બન્ને જણ સૂતા. ધન્નાસિંહને તો કશો જ વહેમ ન હતો. ઘણા દિવસનો થાકેલોપાકેલો એટલે પથારીમાં પડતાં જ તેને ઊંઘ આવી ગઈ.

નક્કી કર્યા મુજબ બરાબર મધરાતનો ગજ્જર ભાંગ્યો એ વખતે પોલીસના માણસોએ આવીને કર્મસિંહના વાડાને ઘેરી લીધો. પોલીસના માણસોને આવતા જોઈ જ્વાલાસિંહ ત્યાંથી ધીમેથી સરકી ગયો. આ બધી હલચલ થતાં જ ધન્નાસિંહ પણ જાગી ગયા ને ખાટ ઉપરથી ઉતરી જ્વાલાસિંહ જે રસ્તેથી નાસી ગયો તે રસ્તેથી તેણે પણ નાસવાની કોશિશ કરી. પણ ત્યાં ખુણામાં જ ગુલજારસિંહ હાથમાં લાકડી લઈ સંતાઈને ઊભો હતો. સામેથી પોલીસને આવતા જોઈ ધન્નાસિંહે આત્મરક્ષા માટે તુરત જ કમરેથી રિવોલ્વર કાઢવા હાથ મૂક્યો. પણ હજી એ રિવોલ્વર કાઢે એ પહેલાં જ ખુણા ઉપર સંતાઈને ઊભેલા ફોજદાર ગુલજારસિંહે તેના ઉપર લાઠીનો ફટકો માર્યો. આ અચાનક ફટકાથી તે એકદમ જમીન ઉપર પડી ગયા. એટલામાં ચારે બાજુથી પોલીસો છૂટ્યા અને તેના ઉપર ઢગલો થઈ પડયા. ધન્નાસિંહે આમાંથી છૂટવા કોઈને લાત, કોને મુક્કા વગેરે માર્યા પણ પોલીસો ઘણા હતા અને પોતે એકલો હતો એટલે છેવટે પોલીસો ફાવ્યા અને તેને જીવતો ઝાલી લીધો. તુરત જ એના ગળામાં દોરડું અને હાથમાં હાથકડી નાખી દીધી. પોલીસ અફસરોના હર્ષનો પાર ન હતો. તેમના મનમાં હતું કે બબ્બર અકાલી આંદોલન અંગે હવે અગત્યની બાતમી આ માણસ પાસેથી મેળવી શકાશે.

આ બાજુ ધન્નાસિંહના મનમાં બીજા જ વિચાર ઘોળાઇ રહ્યા હતા. તેને પોલીસના મારની ત્રાસની, રીબામણીની કંઈ જ પડી ન હતી. પણ ઘવાયને પાંજરે પુરાયેલો સિંહ જે સ્થિતિ અનુભવે એ સ્થિતિ ધન્નાસિંહની હતી. એક તો પોતે સાથીદારના દગાથી આ રીતે જીવતો પકડાયો એ અપમાન તેને શૂળની જેમ ખટકતું હતું. તેમાં પોતે પ્રતિજ્ઞા કરી હતી કે મારા શરીરના ભલે ટુકડા થઈ જાય પણ હું પોલીસના હાથમાં કદી જીવતો નહિ પકડાઉં તે પ્રતિજ્ઞા પૂરી ન થઈ શકી તેનું દુ:ખ લાગ્યું. અધૂરામાં પૂરું પોલીસ અમલદારો તેની મશ્કરી કરવા લાગ્યા તેણે બળતામાં ઘી હોમ્યું.

ધન્નાસિંહે ક્ષણવારમાં જ બધો વિચાર કરી લીધો ને પોતાની પ્રતિજ્ઞા ચરિતાર્થ કરવા શું કરવું એ મને સાથે નક્કી કરી લીધું. એના હાથમાં હાથકડી હતી. ચારે બાજુ પોલીસો ઘેરો વળીને ઊભા હતા એ સ્થિતિમાં તેણે હાથકડીવાળા હાથે જ કમરમાં કોણીથી એક ઝટકો માર્યો. ઝટકો મારતાં જ કમરમાં ગુપ્ત રીતે રાખેલ એક ભયંકર બોંબ ફાટયો. દિવાળીના દિવસોમાં જેમ ભંભોટિયો ફાટે ને એના ચુંથા થઈ જાય. તેમ બોંબ ફાટતાં જ ધન્નાસિંહના શરીરના ફુરચે ફુરચા ઉડી ગયા. તે જ્યાં બેઠો હતો ત્યાં જ લોહી માંસ અને હાડકાનો ઢગલો થઈ ગયો. એની સાથે જ બીજા પાંચ સિપાહીઓના પણ ફુરચા ઉડી ગયા. બીજા ત્રણ જણ ભયંકર રીતે ઘવાયા તેમાં ગોરો પોલીસ અફસર હાર્ટન પણ હતો. ઘવાયેલા ત્રણ જણને તુરત જ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં મિ. હાર્ટનનું તેમજ એક બીજા સિપાહીનું મૃત્યુ થયું. આ રીતે દુશ્મનના હાથમાં પડવા છતાં ધન્નાસિંહે વીરતાથી છેવટ સુધી દુશ્મનોને લડાઈ આપી અને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી શહીદીને વર્યા.

❖❖❖

# લાલ ગુલાબ



ઈલા કેવડી મોટી થઈ ગઈ છે અને કેટલી સુંદર ! પંજાબી પોશાકમાં, સાઈકલ ઉપર બેસી, કોલેજ જવા રવાના થાય છે ત્યારે હું અચૂક તેને વળાવવા જાઉં છું. મનમાં ઊંડે ઊંડે ખેદની લાગણી કોણ જાણે કેમ થઈ આવે છે. હવે તો આ પંખી ઊડી જવાનું - તેને પાંખ આવી ગઈ છે !

અને અનાયાસે વીશ વર્ષ પહેલાંનો ભૂતકાળ નજર સમક્ષ આવી જાય છે. તે વખતે ઈલા છ-સાત વર્ષની હશે. પોલિસ-ઈન્સ્પેક્ટર તરીકે ગૌતમગઢ હું પહેલી જ વાર આવતો હતો. આ ગામમાં આકર્ષણ જેવું કંઈ મને લાગ્યું નહીં. પોલિસ થાણું પણ તબેલા જેવા મકાનમાં હતું. રહેણાક મકાનના છાપરાના ખપાટિયામાંથી દિવસે તડકો અને રાત્રે રાતા જોઈ શકાતા. મેં ચાર્જ લીધો ત્યારે મારી છેલ્લી ઓળખાણ એક આધેડ ડોસા સાથે કરાવવામાં આવી.

''આ છે રામલછન - આપણો માળી !''

મને નવાઈ લાગી. બગીચા તરફ દૃષ્ટિપાત કરી મેં તેના તરફ જોયું :

''શું નામ કીધું - રામ લક્ષ્મણ ?''

''જી ના. રામલછન'' ડોસાએ જ મારી ભૂલ સુધારી.

પગથી માથા સુધી મેં તેને માપી લીધો. લઘર વઘર કપડાં, વધેલી દાઢી, અસ્તવ્યસ્ત વાળ, મારી સામે અદબ વાળીને દૃષ્ટિ નીચે રાખીને જ તે ઊભો હતો. કદાચ તેને મારી ઈતરાજીની ગંધ આવી ગઈ હશે.

''ઠીક જા જા, તારું કામ કર !''

મને સલામ કરીને શાંત રીતે તે બગીચા તરફ ગયો.

તેના ગયા પછી સિપાઈએ કહ્યું : ''રામલછન જેવો તેવો માળી નથી, હો સાહેબ ! અહીં ગૌતમગઢમાં પીવાનું પાણી મળતું નથી; પણ આ બગીચો જોયો લીલી નાઘેર જેવો ? અહીં વીશ ગાઉનાં પંથકમાં ગુલાબ માત્ર આપણાં બગીચામાં જ છે !''

એટલામાં ઈલા રમતી રમતી ત્યાં આવી ચડી. તેણે માથામાં લાલ ગુલાબ પોરવ્યું હતું, અને તે મરક મરક હસી રહી હતી. હું સમજી ગયો અને બોલી ઊઠ્યો :

''અરે, ઈલા કયાં ગઈ ! તેને બોલાવો; અહીં તો કોઈ સ્વર્ગની પરી આવી હોય તેમ લાગે છે !''

અને તે ખડખડાટ હસી પડી !

હવે તો ઈલાને આ બગીચામાં અને રામલછનમાં ખૂબ રસ પડ્યો. તે ઘરમાં ભાગ્યે જ રહેતી. આખો દિવસ બગીચામાં રામલછન પાસે કાલાં ઘેલાં કાઢતી હોય અને ફૂલના કયારા પાસે રખડતી હોય. માળીને પણ તેના તરફ અનહદ પ્યાર હતો કેમકે તે નિઃસંતાન હતો. જીવનની સન્ધ્યા નજીક હોય ત્યારે બાળપણની નિર્દોષતામાં માનવીનું આકર્ષણ વધી જાય છે. તેના ઘણા કારણો હોઈ શકે. જીવનની કટુતા અનુભવો, બાલ્યાવસ્થા સિવાયના માનવસમાજ તરફ નફરત થાય તેવું આચરણમાં નથી બનતું ? પોતાના જ ઘરતી ચાર દિવાલ જાણે જીવતું કારાવાસ હોય, જ્યાં બધી જ આશા-આકાંક્ષાઓ ચૂર્ણ થઈ ગઈ હોય, અને જીવનનું કૃત્રિમ ખંડેર માત્ર ડાચિયાં કરતું હોય, આવું ઘણા કિસ્સાઓમાં જોવામાં નથી આવતું ? આટલા માટે જ ઉતરાવસ્થામાં કુદરત તરફ સમાધાન માટે માનવીનું મને દોડે છે.

ઉમા મને ઘણીવાર ફરિયાદ કરતી કે ઈલા રામ-લછન પાછળ જ ભમ્યા ફરે છે અને આમ લાંબુ ચાલશે તો તેના સાચા માબાપને ભૂલી પણ જશે ! હું કહેતો કે એ તો બાળક છે, મન ચોટયું ત્યાં દોડે.

માનવસમાજમાં ગુનાઓ બન્યા જ કરતા હોય છે. પ્રદેશ બદલાય તો પણ માનવી તો એજ ને ! ગુનેગારો શોધવામાં, ગુનાઓ સાબીત કરવામાં કેઈસો ચલાવવામાં જ હું વ્યક્ત રહેતો. ઈલા અને રામલછન બગીચાની અને ફૂલછોડની માવજતમાં ગળાડૂબ રહેતા. ઉમા ફરિયાદનો ધંધો લઈ બેઠી હતી. કુદરતને એકધારું જીવન પસંદ હોતું નથી. કુદરત ગતિશીલ છે. અને ચેતનનો આવિષ્કાર તે કરાવ્યા જ કરે છે. આ બધું ચાલતું હતું ત્યાં ઈલા માંદી પડી અને મંદવાડ વધતો ચાલ્યો. પ્રથમ તાવ આવ્યો પછી - ટાઈફોડ થયો - તેમાં રાહત જેવું લાગતા કમળાના લક્ષણો દેખાયાં. રામલછન બીચારો અડધો થઈ ગયો. તે હંમેશા બગીચામાંથી ગુલાબનું ફૂલ ઈલાને આપી જતો અને ત્યારે આખા દિવસમાં એક જ વાર ઈલાનું હાસ્ય જોવા મળતું. માંદગીએ તેની બધીજ શક્તિઓ હણી લીધી હતી. ચામડી ઉપર પીળાશ સ્પષ્ટ દેખાઈ આવતી હતી; દાક્તરની શ્રેષ્ઠ સારવાર ચાલું હતી ગામમાં એક વૈદરાજને પણ તબિયત બતાવી જોઈ હતી. પણ કાંઈ ફેર પડતો ન હતો.

જેઠ મહિનાની ગરમીના દિવસો હતા.

ઘરમાં સૌ માંદગી અને બહાર ગરમીથી કંટાળી ગયાં હતાં. ઈલાને પણ હવે તો ખાટલા ઉપર સૂઈ રહેવામાં એટલો કંટાળો આવતો કે ક્યારેક ખુરશીમાં બેસાડી તેને બગીચામાં લઈ જતાં. ત્યાં તેને આનંદ આવતો અને રામલછન તેને જુદાં જુદા ફૂલઝાડ ઉપર તરેહ તરેહનાં તાજાં ફૂલ બતાવતો ત્યારે, ઘનઘોર વાદળમાં વીજળીના ચમકારા પેઠે, તેના ફિક્કા ચહેરા ઉપર આછું હાસ્ય પ્રસરી જતું. આવા એક દિવસની સંધ્યા નમવા આવી ત્યારે વાતાવરણમાં કુદરતના અચાનક પલટા દેખાયા. પવનની ઠંડી લહરીઓ શરૂ થઈ અને તેમાં ભીની માટીની સુગંધ ભળી. આકાશમાં ઝડપભેર વાદળો ઘેરાવા લાગ્યા. પશુ-પંખી ચોતરફથી ઊડીઊડીને માળાનો અને વૃક્ષનો આશ્રય લેવા મથી રહ્યાં. દાક્તરે થોડી વાર પહેલાં જ ઈલાને તપાસી હતી અને કહ્યું હતું લીવર ઉપરની અસર ગંભીર થતી જાય છે - કાબૂ બહાર જશે તો મામલો પણ ગંભીર છે. અમે સૌ મૂંઝાઈ ગયા હતાં. રામલછન ખાટલા પાસે જ નીચે બેઠો હતો.

થોડી વારમાં વરસાદ શરૂ થયો. પ્રથમ ઝીણી અને પછી જાડી ધારે વરસવા લાગ્યો. સાથે વાઝડી અને વીજળીના ચમકારા પણ થતાં હતાં. અચાનક આવેલી આંધિથી વાતાવરણમાં સર્વત્ર કંપ હતો અને મેઘગર્જનાથી ભયની માત્રાઓ વધી જતી હતી.

'મને એક વિચાર આવે છે, બાબુજી, રજા આપો તો'...રામલછને ડરતાં ડરતાં કહ્યું.

'બોલ, બોલ, શું છે?'

'બાજુમાં રામપુર છે ને - ત્યાંના હકીમ ફૈઝખાં કમળા ઉપર એની દવા રામબાણ છે. કોઈનાથી ન મટે તેને તે મટાડે છે.'

'હા, હા, તો તેને જલદી બોલાવીએ.' મારા બદલે ઉમાએ જવાબ આપ્યો.

રામલછન ઊભો થઈ ગયો. મેં એને વાર્યોઃ 'હવે હકીમ ને ફકીમ' - આટઆટલી દવા જ્યાં કારી નથી કરતી...'

ઉમાએ મનને મોકળું મૂક્યું. રામલછન પણ ગળગળો થઈ ગયો : 'જવા દ્યો સાબ, મને રજા આપો; હકીમ ખુદાનો માણસ છે - અડધી રાતે ચાલી નીકળશે! પૈસા તો લેતો જ નથી.'

'પણ આ વરસાદમાં?' મેં શંકા કરી.

'આને વરસાદ કહેવાય? આતો શરૂઆતનું માવઠું છે. હમણાં રહી જશે?' રામલછને કહ્યું અને હું કાંઈ બોલું તે પહેલાં તે ચાલી નીકળ્યો.

બહાર ઘોર અંધારું થઈ ગયું હતું. વીજળીના ચમકારાથી આંખ અંજાઈ જતી હતી. રામલછનને હું જતો જોઈ રહ્યો. ઈલાને બચાવવાની જવાબદારી જાણે ઈશ્વરે તેને સોંપી હોય તેમ તેના પગ દોડી રહ્યા હતા. એક ઘૂવડ કોણ જાણે ક્યાંથી આવ્યું અને સામેના વૃક્ષપર બેસી અમંગળ ચિચિયારી કરવા લાગ્યું. પથ્થર ફેંકી મેં તેને ઊડાડી મૂક્યું.

રામલછન તે આખી રાત પાછો ફર્યો નહિ. વરસાદ જો કે મોડેથી રહી ગયો હતો. પરંતુ હવે મને યાદ આવ્યું કે નૌતમગઢ અને રામપુર વચ્ચે ગોમતી નદી આવેલી હતી. વર્ષનો મોટા ભાગ તેમાં વેળું ઉડતી પણ ચોમાસામાં પાણી રહેતું. ઘણીવાર ઉપરવાસ સારો વરસાદ થયો હોય તો નદીમાં પૂર આવતું. આવા કાઈ કારણસર રામલછન અટકી પડ્યો હશે.

બીજા દિવસની સવાર થઈ - બપોર થયા. રામલછન કે હકીમ કોઈ દેખાણાં નહીં. મને હવે ચિંતા થવા લાગી. જો કે ઈલાને આજે કંઈક ઠીક લાગતું હતું. ત્યાં અચાનક સિપાઈએ આવીને સલામ કરી :

'સાહેબ, આપણા માળીનું શબ નદીમાં નીચે વાસમાંથી મળ્યું છે. પૂરમાં તણાઈ ગયો હોય તેવું લાગે છે!'

'હેં? રામલછનનું?' મારો સાદ ફાટી ગયો.

'હા, સાહેબ! પણ રાતને વખતે રામપુર તરફ શું કામ ગયો હશે?'

હું કાંઈ જ જવાબ આપી શક્યો નહિ. ઉમાને ખબર આપ્યા તો તે પણ રડી પડી : 'અરે આપણે નિમિત્ત બન્યા!

મારા જ કમનસીબ હાથે મેં તેના મૃત્યુના કાગળિયાં કર્યા. અકસ્માત નદીમાં પૂર આવતાં. તેમાં તણાઈ જતાં, રામલછનનું મૃત્યુ અકસ્માતથી થયું છે. મારું મન પોકારી રહ્યું હતું. - હું જ ખૂની છું - તેના મૃત્યુ માટે હું જ જવાબદાર છું. આ કમનસીબ માળીનું કોઈ જ હતું નહિ, પણ તેના મૃત્યુને ભૂલવું અમારા માટે અશક્ય બની ગયું. એક ચમત્કાર પણ એ બન્યો કે તે જ દિવસથી ઈલાને સારૂં થવા લાગ્યું. અને ઉત્તરોત્તર તેની તબિયત સુધરતી ગઈ. તે ઘણી વાર રામલછનને યાદ કરતી પણ અમે વાતને રોળાટોળી નાખતા.

રામલછન વિનાનો બગીચો સાવ ઉજ્જડ થઈ પડ્યો. ફુલઝાડ કરમાવા લાગ્યા. ઝાડની ડાળીએ બાંધેલા કૂંડામાં પંખીઓ પાણી પીવા આવતાં તે પણ અદશ્ય થઈ ગયાં. હવે કોઈ કયારાને પાણી પાતું નહિ. તે દિવસે રામલછનના મૃત્યુ નિમિતે જ માવઠું થયું - ત્યારબાદ વરસાદ પણ લંબાણો. પખવાડિયામાં તો ઈલાને ઘણો ફેર પડી ગયો અને તે બગીચા સુધી હરવા ફરવા લાગી.

'હકીમતી દવા વિના પણ આ છોકરી બેઠી થઈ ગઈ. હવે જ કેમ દવા લાગુ પડી હશે!' એક દિવસ ઉમાએ મને પૂછ્યું.

'કોઈ મૃતાત્માની ભાવના કામ કરી ગઈ લાગે છે !' મેં કહ્યું.

'હવે આપણે બીજો માળી રાખી લેવો જોઈએ. બગીચો કેવો વેરાન થઈ ગયો છે. સામું જોવાતું પણ નથી !' ઉમાએ દલીલ કરી.

'જોતા રે'શું અને કોઈ મળે તો રાખી લેશું !' મેં કહ્યું પણ મારા શબ્દોને પકડી પાડતી ઈલા આગળ આવી 'પછી રામલછ્છન કયાં જશે ? જુઓ આજે તેણે કેવું સરસ ગુલાબ આપ્યું છે !' એમ કહીને તેણે પોતાના વાળમાંનું લાલ ગુલાબ બતાવ્યું. હું સાશ્ચર્ય ત્યાં જોઈ રહ્યો. ઉમા મારા તરફ જોઈ રહી.

બગીચો સાવ ઉજ્જડ હતો. બધાંજ રોપા અને ફૂલછોડ કરમાઈ ગયાં હતાં. કેટલાક દિવસથી એક પણ ફૂલ અમે જોયું ન હતું. તો પછી આ ગૂઢ રહસ્ય જેવો કોયડો લાગ્યો. ઈલાને હજુ માળીના મૃત્યુની ખબર ન હતી. ઉમાને ડર લાગ્યો કે રામલછ્છનનું ભૂત તો નહિં હોય ને ? મેં આશ્વાસન આપતાં કહ્યું : 'એક પોલીસ ઈન્સ્પેક્ટરની પત્નીને આ શોભે ?' અને વાતને હસવામાં જ રોળી નાખી.

બીજો દિવસે પહેલું કામ મેં એક કામચલાઉ માળીને શોધવાનું કર્યું. ઈલાએ તેનો વિરોધ કર્યો. ને નવા માળીને બગીચામાં પેસવા નહીં દે તેવી ધમકી આપી. મારે તેને સમજાવવી પડી : 'તું આટલી ડાહી છો અને સમજતી કેમ નથી, રામલછ્છન હવે ઘરડો થયો છે તેને મદદ તો આપવી જોઈએ ને ?' આ દલીલ તેને ગળે ઊતરી.

પણ નવો માળી ચોવીસ કલાક પણ ટક્યો નહીં. પરસેવે રેબઝેબ દોડતો મારી પાસે આવ્યો.

''સાહેબ, મારાથી નોકરી નહિ થાય. આ બગીચામાં કાંઈક છે - ઈલાબહેન આખો દિ' ત્યાં વાતો કર્યા કરે છે...અને કોઈક તેમને ફૂલ પણ આપી જાય છે !''

''હવે જા જા, મૂરખ - કાલથી ન આવતો. અને જો આવી વાત કોઈને કરીશ નહિ !'' મેં તેને ધમકી તો આપી પણ અંદરખાનેથી મને પણ મુંઝવણ થઈ. આ વાત ઉમા પાસે જાય તો પણ ઉપાધિ વધે તેમ હતું.

હવે તો આ વાતનો તાગ લાવવા મેં નિશ્ચય કર્યો. બગીચાનું નિરીક્ષણ ઝીણવટથી ફરવા લાગ્યો. ઈલા બગીચામાં જતી તે હું સંતાઈને જોવા લાગ્યો અને તેની કાર્યવાહીનું અવલોકન કરવા માંડયું. બગીચામાં કયાંય ફૂલઝાડ ઉપર ફૂલ પણ ન હતાં - કળી પણ બેઠી ન હતી. એક ગુલાબના છોડ પાસે ઈલા ઉભી રહી - થોડી વારે તેણે હાથ લાંબો કર્યો - આ શું ?

કોઈ તેને ફૂલ આપી રહ્યું હતું ! કોઈની પાસેથી તે ફૂલ લઈ રહી હતી ! મેં માત્ર તેના હાથમાં ગુલાબ જોયું. હું પરસેવે રેબઝેબ થઈ ગયો. અને બહાર નીકળી સ્વસ્થતા મેળવવા યત્ન કર્યો. મને મારી જાત માટે સંકોચ થયો - એક પોલિસ ઈન્સ્પેક્ટરને પરસેવો છૂટી જાય કોઈ જુએ તો ?

રામલછ્છનના મૃત્યુ પછી મારે મોટી વિટંબણા ઊભી થઈ હતી અને ઈલાના ગુલાબે તેમાં વધારો કર્યો હતો. આવાજ વાતાવરણમાં કયાંય રહેવાનું હોય તો ઉમા પણ માનસિક તાણ અનુભવે જ. એટલે અહીંથી છૂટવા મેં બદલી માટે અરજી કરી દીધી અને થોડાજ દિવસોમાં બદલીનો હુકમ પણ આવી મળી ગયો. હું અને ઉમા રાજી થયાં પણ ઈલા ખૂબ નારાજ થઈ : તેણે પ્રશ્ન રજૂ કર્યો :

'હવે રામલછ્છનનું કોણ ધ્યાન રાખશે ?'

'વાહરે બેનબા, એ કાંઈ કીકલો થોડો છે ? અને આપણે તેની પણ બદલી કરાવી લઈશું !'

જવાને દિવસે અમારો બધો સામાન ગાડામાં રવાના થઈ ગયો. સ્ટેશન ખાસ્સુ આઠ ગાઉ દૂર હતું. સિપાઈ અમારે માટે ખાસ બે ઘોડાની બગીની વરદી આપી લઈ આવ્યો હતો. અમે સૌગાડીમાં બેસી ગયા - થોડો સામાન પણ સાથે મૂકાઈ ગયો.

''ઈલા ક્યાં ગઈ - કેમ દેખાતી નથી ?'' મેં પૂછયું.

''હું અહીં છું – રામલછ્છન પાસેથી છેલ્લીવાર ફૂલ લઈ લઉં !'' બગીચામાંથી ઈલાનો અવાજ આવ્યો.

સચિંત નયને મેં તથા ઉમાએ છેલ્લીવાર બગીચા તરફ દૃષ્ટિ ફેંકી - ત્યાં પાંદડા વિનાના કૂંડા કોણા હતાં - લીલોતરીનું નામ નહોતું - અને છતાં ઈલા દોડતી દોડતી આવી ત્યારે એક માથામાં અને બીજું હાથમાં એમ બે ફૂલ – લાલ ગુલાબના ખુશબૂ પ્રસરાવી રહ્યાં હતાં. ઈલા પણ ગાડીમાં બેસી ગઈ. વિદાય આપનાર સમુહને મારી આંખમાં અને ઉમાની આંખમાં અશ્રુ જોઈ એમ થયું હશે કે અમે લાગણીશીલ છીએ; પણ વાસ્તવમાં તો રામલછ્છનના મૃત્યુ માટે જે અમારી સંયુક્ત જવાબદારી હતી તે આડકતરી અંજલિહતા. ઈલાએ તો ઊભા થઈ. હાથ ઊચો કરી, ચાલતી ગાડીએ કહ્યું :

'રામલછ્છનભૈયા - આવજો !'

સૌ બાધાની માફક, ઈલા જોતી હતી ત્યાં, બગીચા તરફ જોઈ રહ્યા. માત્ર મેં અને ઉમાએજ નીચે જોઈ રાખ્યું !

ooo

મેં અગાઉ - કહ્યું ને કે ઈલા હવે તો મોટી થઈ ગઈ છે. એમ. એસ.સી ના છેલ્લા વર્ષમાં છે. બાયોલાજી એના વિષય છે. હું

તે વિષયમાં અજ્ઞાતમાં છું એટલે ઈલાને મારા કરતાં વધુ જ્ઞાની સમજુ છું. તે સાઈકલ ઉપર કૉલેજ જાય છે ત્યારે દરવાજા સુધી હું જાઉં છું - દરવાજો હું ઉઘાડી દઉં છું અને બંધ પણ હું જ કરું છું.

એક વાર દરવાજા સુધી જતાં મેં ઈલાને પૂછ્યું :

'તને નૌતમગઢ, રામલછન માળી, ઘર પાછળનો બગીચો યાદ આવે છે ?'

'જરૂર પપ્પા, કેમ ન આવે !'

'અને તું માંદી પડી હતી. – રામલછન ગુલાબ આપી જતો - માંદગી પછી પણ તું બગીચામાં જતી......'

'ચોક્કસ, ચોક્કસ બધું જ યાદ છે !

'તો પછી તારા પપ્પાને એક વાત કહીશ કે તું સાજી થઈ અને બગીચામાં જવા લાગી ત્યારે તેં રામલછનને ખરેખર જોયો હતો. ખરી રીતે તું માંદી પડી ત્યારે એક રાત્રે હકીમને બોલાવવા તે ગયો તે પાછો ફર્યો જ નહીં - ગોમતી નદીના પૂરમાં તણાઈ ગયો અને મૃત્યુ પામ્યો. તને ધ્રાસ્કો ન પડે તે ખાતર તને આ વાત કરેલી નહિ. અમને હજુ સમજમાં નથી આવતું કે ઉજ્જડ વેરાન બગીચામાંથી તને ગુલાબ કોણ આપતું ?'

'મને તો રામલછન જ ફૂલ આપતો.'

'તારું વિજ્ઞાન શું કહે છે. મરી ગયેલો માણસ ફરી સદેહે દર્શન આપી શકે ? મને લાગે છે રામલછન વિષેની તારી રટણા તેનો ભ્રામક ખ્યાલ ઊભો કરતી હશે – તારૂં બાયોલોજીનું જ્ઞાન કાંઈ મદદ કરી શકે ?'

'જી, ના પપ્પા ! તમે પણ ઉંમર વધવા સાથે અગમનિગમની વાતો કરો છો, હો !'

'તો પછી તને ફૂલ કોણ આપતું ?'

'હું કોઈ અજ્ઞાતવાદ કે મૃત્યુ પછીના જીવનમાં માનતી નથી. મને એટલી જ ખબર છે મારી કલ્પનાથી રામલછનને ફૂલ આપતો હું જોઈ શકતી. મૃતાત્મા સાથે વાત કર્યાનો મારો દાવો નથી. અને ખડખડાટ હસતી ઈલા સાઈકલ ઉપર દોડી જાય છે !

જીવનની નમતી સંધ્યા બે ગત જીવનની સ્મૃતિઓ માનવીને હસાવતી હશે – ડરાવતી હશે. આકાશમાં ચમકતા તારાંગણ માફક સ્મૃતિઓ ચમકારા કરતી હોય તેમાં વધુ પ્રકાશિત કોઈ એકાદ તારો જુદો પડી જાય તેમ જીવનનો કોઈ એકાદ પ્રસંગ તેના એકાકી મહત્વથી જીવનમાં ઝબૂકી રહે છે. જેનો વૈજ્ઞાનિક ખુલાસો ન હોય તેવી ઘટનાઓ કુદરતમાં બનતી જ રહે છે. પણ ઈલાનું કહેવું હું સ્વીકારી લઉં છું કેમકે જીવન જીવવા જેવી કોઈ પણ ઘટના માટે ખુલાસાનો આગ્રહ શા માટે રાખવો જોઈએ ?

**શિવપ્રકાશ**

❖❖❖

# ભવિષ્ય અંગે અનુમાન લગાવવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય તેનું નિર્માણ કરવાનો છે

સંશોધનો જણાવે છે કે તમે જે વસ્તુની આત્મવિશ્વાસ સાથે અપેક્ષા રાખો છો તે તમારા માટે આત્મસંતોષ આપનારી ભવિષ્યવાણીની જેમ હોય છે. કોઈ ક્ષેત્રમાં આવનારા ફેરફારનો તમે જ્યારે ઉલ્લેખ કરો છો તો એક રીતે પોતાના અંગે જ ભવિષ્યવાણી કરી રહ્યા હો છો. તમારી આકાંક્ષાઓ જ તમારા વ્યવહારને નક્કી કરે છે અને તમારા પછી બીજા લોકોનો તમારા અંગેનો વ્યવહાર નક્કી કરે છે. તેનાથી તમારા પછી બીજા લોકોનો તમારા અંગેનો વ્યવહાર નક્કી કરે છે. તેનાથી તમારા અંદરના વિચારો ઉજાગર થાય છે. જો તમે સફળ થવાની આશા રાખતા હોવ તો, છેવટે તમે સફળ થઈ જશો. જો તમે ખુશ અને લોકપ્રિય થવા માંગો છો તો તમે ખુશ અને લોકપ્રિય થાવ છો. જો તમને સ્વસ્થ અને સમૃદ્ધ થવા માગો છો તો તમે સ્વસ્થ અને સમૃદ્ધ થઈ જશો. તમે તમારી અપેક્ષાઓ અને ભવિષ્ય અંગે તમારા દ્વારા વપરાયેલા શબ્દોથી જ ઓળખી શકો છો. ભવિષ્ય અંગે કાયમ સકારાત્મક વિચારો અને બોલો. દરેક સવારની શરૂઆત આ શબ્દોથી કરો કે 'મને ભરોસો છે કે મારી સાથે આજે કાંઈક સારું થશે'. પછી આખો દિવસ સારી વાતોની જ અપેક્ષા રાખો. આ પ્રકારના વિચારની સાથે પોતાના જીવન પર અસર અને અન્યોનો તમારા પ્રત્યેના વ્યવહાર જોઈ તમને આશ્ચર્ય થઈ જશે. સફળ અને ખુશ લોકો સતત પોતાના અંગે સકારાત્મક આશાનો વ્યવહાર જાળવી રાખે છે. તેઓ આરંભથી જ સફળ થવાનું વિચારે છે તેથી ક્યારેક નિરાશ થાય છે. તેઓ દરેક અનુભવથી એક કીમતી શીખ મેળવે છે અને પોતાનાં લક્ષ્યોને મેળવવા માટે પોતાના દિલ અને મગજના દરવાજા ખુલ્લા રાખે છે. ભવિષ્ય અંગે અનુમાન લગાવવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય તેનું નિર્માણ કરવાનો છે.

❖❖❖

# સ્લેટપેન



**મોના જોશી**

''**બા**...'' નેહાએ રસોડામાંથી બૂમ પાડી. જડાઉબા એમ જ આંખો બંધ કરીને માળા ફેરવતાં બેસી રહ્યાં. નેહાએ રસોડાના દરવાજા આગળ આવીને ફરી જોરથી બૂમ પાડી, ''મોટાં બા...'' મનીષ કંટાળાભર્યો ચહેરો છાપાની બહાર કાઢતાં બોલ્યો, ''નેહા બૂમો ના પાડ. અહીં આવીને જે કહેવું હોય એ કહે. આમ ને આમ તો તારી બૂમો સાંભળીને હું બહેરો થઈ જઈશ.''

નેહા બોલી, ''તે મને શોખ થાય છે, સવાર-સવારમાં બૂમો પાડવાનો ? મારું ગળુંય દુ:ખે છે. તમે બાજુમાં બેઠા છો તો તમે જ કહી દો, ચા થઈ ગઈ છે. પીવા આવી જાય.'' મનીષે ઊભા થઈને જડાઉબાની બાજુમાં મુકેલી સ્લેટપેન ઉઠાવી એમાં લખ્યું, 'ચા થઈ ગઈ છે. ચાલો.'' અને બાને ખભેથી ઢંઢોળીને વંચાવ્યું. જડાઉબા માળા ગળામાં પહેરીને સોફા ઉપરથી ઊભાં થયાં.

જડાઉબા મનીષનાં દાદી થાય. મનીષનાં લગ્નને દસેક વર્ષ થયાં હશે અને તેની મમ્મી કૅન્સરમાં મૃત્યું પામી. એ પછી મનીષના પપ્પા ત્રણ-ચાર વર્ષ જીવ્યા. મનીષને કુટુંબમાં જે ગણો તે આ જડાઉબા જ રહ્યાં હતાં. જડાઉબાને નેવું ઉપર થયાં હશે. હાથપગ તેમના હજી સધ્ધર હતા. બસ, એક કાને રજા લીધી હતી. વર્ષોથી ગામમાં જ રહ્યાં હતાં. ઘરમાં કોઈ વાતચીત કરનાર નહીં, એટલે ધીરે-ધીરે જડાઉબાનું બોલવાનું અને સાંભળવાનું ઓછું થતું ગયું.

મનીષ વરસમાં એકાદ વાર દાદીની ખબર કાઢવા ગામડે જતો. છેલ્લી વાર ગયો ત્યારે ગામના લોકોએ જણાવ્યું કે ગામડાનું વર્ષો જૂનું ઘર ગમે ત્યારે પડીને પાધર થાય એમ છે. એને રીપૅર કરાવો અથવા જડાઉબાને તમારી જોડે લઈ જાઓ. મનીષે વિચાર્યું કે જડાઉબાના ગયા પછી કોઈ ગામડે પાછું આવવાનું નથી, એટલે જૂનાપુરાણા ઘરમાં પૈસા નાખવા કરતાં દાદીને શહેરમાં લઈ જવાં વધારે યોગ્ય છે, એથી મનીષ તેમને ઘરે લઈ આવ્યો.

જડાઉબા ખૂબ શાંત સ્વભાવનાં હતાં. તેમની કોઈ માગણી નહીં, કોઈ ફરિયાદ નહીં. નેહા બે ટાઈમ જે જમવાનું આપે એ ખુશી-ખુશી ખાઈ લે. નેહાને શાક સમારી આપે, કપડાં ઘડી કરી દે. અનાજ વીણી આપે, લસણ ફોલી દે. આવાં નાનાં-નાનાં કામમાં મદદ કરતાં રહે. નેહા પણ જડાઉબાને પ્રેમથી સાચવે. બસ, એક જ મુસીબત હતી. જડાઉબા ઓછું સાંભળે એટલે તેમને કંઈ કહેવું હોય તો ઘાંટા પાડીને વાત કરવી પડે. મનીષે એનો પણ ઉપાય શોધી કાઢ્યો. બજારમાંથી સ્લેટપેન લઈ આવ્યો. હવે જડાઉબાને કંઈ પણ કહેવું હોય તો સ્લેટમાં લખીને વંચાવી દેવાનું. મનીષના છોકરાઓને તો જાણે એક નવી રમત મળી. તેમણે સ્લેટમાં લખી-લખીને જડાઉબાને ઈંગ્લિશ ભણાવવાનું ચાલુ કર્યું. જડાઉબા પણ બોખા મોઢે હસતાં-હસતાં તેમની આ રમતમાં સાથ આપતાં.

જડાઉબા ચા-નાસ્તો કરીને ઊઠ્યાં એટલે નેહા ફટાફટ ઘરનાં કામ આટોપવા લાગી. સવારે જ ભાઈનો ફોન આવ્યો હતો, ''પપ્પાને માઈલ્ડ હાર્ટઍટેક આવ્યો હતો. બે દિવસ આઈસીયુમાં રાખ્યા હતા. હવે સારું છે. તું નાહક ચિંતા કરે એટલે તને જણાવ્યું નહોતું. દોડાદોડ ના કરતી.''

ભાઈએ તો કીધું કે દોડાદોડ ના કરતી, પણ નેહાનો જીવ ઝાલ્યો ના રહ્યો, તેણે નક્કી કર્યું કે બપોરની બસમાં નીકળીને ખબર કાઢીને કાલે સાંજ સુધીમાં પાછાં આવી જવું. આમ તો પિયર નજીક હતું. જો મનીષ કાર લઈને આવે તો તો રાત્રે જ ખબર કાઢીને પાછાં આવી જવાય, પણ મનીષને તો ઘણાં વર્ષો થયાં, સાસરીમાં જવાનું જ બંધ કરી દીધું હતું.

નેહાને જુની વાતો યાદ આવી ગઈ. આંખો છલકાઈ ઊઠી. નેહાનાં સાસુ થોડા કડક સ્વભાવનાં હતાં. તેમની મરજી વિરુદ્ધ ક્યારેય કંઈ ન થઈ શકે. લગ્નનાં શરૂઆતનાં વર્ષોમાં નેહાએ ઘણો સંઘર્ષ કર્યો હતો. એ વખતે મનીષે પણ તેનો સાથ નહોતો આપ્યો. એના લીધે તે બંને વચ્ચે ઘણી ચડભડ થતી રહેતી. નેહા હંમેશાં ચિંતામાં રહેવા લાગી હતી. આનું પરિણામ એ આવ્યું કે નેહાને મિસકૅરેજ થઈ ગયું. નેહા ડિપ્રેશનમાં ચાલી ગઈ. દીકરીની આ હાલત જોઈને નેહાના પપ્પાએ એક વખત આવેશમાં મનીષને કહી દીધું, ''તમારે ત્યાં દીકરી આપીને મોટી ભૂલ કરી છે.'' બસ, આ વાક્ય મનીષે દિલ ઉપર લઈ લીધું. ત્યારથી તેણે સાસરીમાં જવાનું બંધ કરી દીધું અને નેહાએ તેને આગ્રહ કરવાનું છોડી દીધું. પરંતુ આજની વાત જુદી હતી. પપ્પાને હાર્ટઍટેક આવ્યો હતો. જો આજે

મનીષ પપ્પાની ખબર કાઢવા આવે તો પપ્પાને ઘણું સારું લાગે.

નેહાએ ડરતાં-ડરતાં વાત કાઢી, ''મનીષ, પપ્પાને ઍટેક આવ્યો છે. તેમને ઍડમિટ કર્યા છે. હું ખબર કાઢવા જવાનું વિચારું છું. તું પણ સાથે આવીશ તો પપ્પાને સારું લાગશે.'' મનીષ નિર્લેપ ચહેરે બોલ્યો, ''જો, આપણે પહેલાં આ બાબતની ચર્ચા કરી ચૂક્યાં છીએ. ફરી આ વાત ના કરીશ. જ્યાં મારું માન ન જળવાય ત્યાં હું ક્યારેય પગ ના મૂકું.'' નેહા લાગણીભર્યા અવાજે બોલી, 'મનીષ જૂની વાતો ભૂલી જા. અત્યારે તેમને આપણી જરૂર છે અને હું ત્યાં રોકાવાનું ક્યાં કહું છું, આપણે ખબર કાઢીને તરત પાછાં વળીશું.''

મનીષ ગુસ્સા ઉપર કાબૂ કરતાં બોલ્યો, ''જો નેહા! હું તને જવા દઉં છું એ ઓછું છે? બાકી જ્યાં પતિનું માન ના હોય ત્યાં પત્નીએ પણ પગ ન મૂકવો, જોઈએ, સમજી?'' આમ કહીને મનીષ રૂમમાંથી બહાર નીકળી ગયો. મન બીજે વાળવા મનીષ ટીવી ચાલુ કરવા ગયો, ત્યાં જડાઉબા બોલ્યાં, ''ભઈ, આ રામાયણનાં બે પત્તાં વાંચી આપ ને. મારે નવ દા'ડામાં પૂરું કરવાનું છે, અક્ષર એટલા ઝીણા છે કે મારાથી ઝટ લઈને વંચાતુંય નથી.''

મનીષે ટિવીનું રિમોટ એ તરફ મૂકીને રામાયણ હાથમાં લીધી અને મોટેથી વાંચવા લાગ્યો, ''રામ ચૌદ વર્ષ વનવાસ પૂર્ણ કરી સીતામાતા, લક્ષ્મણ અને હનુમાન સાથે પુષ્પ વિમાનમાં બેસી અયોધ્યા પગ મૂકતાંની સાથે રામભગવાને સૌપ્રથમ કૈકેયી માતાનાં દર્શન કરવાની ઈચ્છા દર્શાવી. સૌ આશ્ચર્યચકિત થઈ ગયાં, જેના કારણે રામભગવાનને રાજગાદીના બદલે ચૌદ વર્ષનો વનવાસ ભોગવવો પડ્યો. જેના કારણે સીતામાતાને આટલાં કષ્ટ ભોગવવાં

> **પ્રેમ છે વિશ્વવ્યાપક વિભુ,**
> **એ છે વિશ્વસભરનો વિશ્વંભર,**
> **પ્રેમ ન હોય એવું કશું જ ન નથી,**
> **પ્રેમ જ છે જગતનું સાચું જીવન**
> **(ભક્ત કવિ પૂજાલાલ ર. દલવાડી)**

પડ્યાં, રાવણ સાથે યુદ્ધ કરવું પડ્યું. આજે પ્રભુ પ્રથમ તેમનાં દર્શન કરવા ઈચ્છે છે!

જડાઉબા બે હાથ જોડી આકાશ તરફ જોઈને ભક્તિભાવપૂર્વક બોલ્યાં, ''મારો વહાલો તો બહુ દયાળુ છે, દરિયાદિલ છે.'' મનીષના હોઠ વંકાયા. જડાઉબા બોલ્યાં, 'ભઈ, તમારી પેઢીને આ વાતો નહીં સમજાય. જે બાપ કાલ ઊઠીને બધી મિલકત તમારે નામે કરવાનો હોય, તે જ બાપ સવારે ઊઠીને એમ કહે કે મારા ઘરમાંથી નીકળી જા. આ ઘર હવે તારા નામે નથી, પણ તારી માના નામે કરવાનું છે, તો તું ફરી તે મા કે બાપનું મોઢું જોવા રાજી થાય? એવી દરિયાદિલી એક મારો વહાલો દાખવી શકે અને બીજાં અમે બૈરાંઓ.''

મનીષ ખડખડાટ હસી પડ્યો, ''આ તમે નવું લાવ્યાં બા, તમારા 'વહાલા' સુધી તો ઠીક છે, પણ આમાં તમે બૈરાંઓ દરિયાદિલ ક્યાંથી થઈ ગયાં?'' જડાઉબા મનીષનું હસવાનું કાને ધર્યા વગર બોલ્યાં, ''જો રામને વનવાસ મળ્યો ત્યારે સીતાજી તેમની ભેળાં ગયાં હતાં, પણ સીતાને જ્યારે દેશનિકાલ મળ્યો તે રામજી ભેળા ગયા'તા? ના. તો સીતાજીએ કદી રામજીની ફરિયાદ કરી હોય એવું સાંભળ્યું છે? ના. પાંડવો જુગટું હાર્યા ત્યારે દ્રૌપદી તેમની હારે બાર વરસ વનમાં ભટકી . કેમ, પિયર જતી ના રહી?'' પછી થોડું અટકીને મનીષની આંખોમાં આંખો પરોવીને બોલ્યાં, ''આઘે કયાં જવું? તારી જ વાત કર ને. તારી માના આકરા સ્વભાવને લીધે હું આખી જિંદગી ગામડે એકલી રહી. તે જ માની તારી વહુએ દસ વરસ સેવા કરી. તેના કેટલાય કડવા બોલ ભૂલીને તેના ભેળી રહી. રહી કે નહીં? બોલ!'' મનીષે માથું હલાવ્યું. જડાઉબાએ આગળ ચલાવ્યું, ''હવે તારી માનું બોલેલું કોઈ એક વાક્ય પણ તેણે પકડી રાખ્યું હોત તો તે ક્યારની તને છોડીને જતી રહી હોત. એના બદલે બધું ભૂલીને તે તારું ઘર સંભાળી રહી છે. રહી છે કે નહીં?'' મનીષે 'હા'માં ડોક હલાવી.

જડાઉબાની વાત સાંભળીને તેના અંતરમાં ક્યાંક ધીરે-ધીરે અજવાળું ફેલાઈ રહ્યું હતું. તેણે જડાઉબાની આંખમાં જોયું. જડાઉબા વેધક નજરથી મનીષની સામે જોતાં બોલ્યાં, ''એ તારી માની બધી વાતો ભૂલીને તારી હારે રહી શકે અને તું તેના બાપનું બોલેલું એક વાક્ય પકડી રાખીને જિંદગી આખી તેના ઘરે ના જાય. બરાબર? તો આમાં દરિયાદિલ કોણ થયું? તું કે નેહા?''

મનીષ આ સીધા પ્રહારથી ડઘાઈ ગયો. તેને પોતાની ભૂલ સમજાઈ ગઈ, પણ બેડરૂમમાં આટલા ધીમા અવાજે થયેલી વાતચીત જડાઉબાના બહેરા કાને કેવી રીતે પડી? એનું તેને અપાર આશ્ચર્ય થયું. હવે જડાઉબાની નજરની સાથે સાથે અવાજ પણ વેધક થયો, ''તારી દીકરીને તેની સાસરીમાં દુ:ખ પડતું હોય તો બાપ તરીકે તું તારા જમાઈને બે બોલ કહે કે નઈ? તો નેહાના બાપને એક વડીલ તરીકે તને બે બોલ કહેવાનો હક ખરો કે નઈ?'' જડાઉબાને ઊંચા અવાજે વાત કરતાં સાંભળીને નેહા બેડરૂમના દરવાજા આગળ આવી. જડાઉબાને પોતાનો પક્ષ લઈને મનીષને ધમકાવતાં જોઈને નેહાને સાનંદ આશ્ચર્ય થયું.

મનીષની અને નેહાની નજર મળી.

મનીષની આંખોમાં પશ્ચાત્તાપ હતો. નેહાને જોઈને મનીષ પ્રેમભીના અવાજે બોલ્યો, ''ઊભી રે નેહા, હું પણ પપ્પાની ખબર કાઢવા આવું છું.'' અને તે ઊઠીને અંદર તૈયાર થવા જતો રહ્યો. નેહાની આંખો ભીની થઈ ગઈ. જડાઉબાના પગ આગળ બેસતાં ગળગળા સાદે તે બોલી, ''થેંન્ક યુ, બા.'' જડાઉબાએ વહાલથી નેહાના માથે હાથ ફેરવ્યો. નેહા થોડી સ્વસ્થતા સાથે બોલી, ''માઠું ન લગાડતાં બા, પણ તમે કેવી રીતે જાણ્યું કે તે મારી સાથે આવવા તૈયાર નથી ? તમે તો.... ઓછું... સાંભળો છો ને ?'' જડાઉબા બોખું મોઢું મલકાવી બોલ્યાં, ''પહેલા હું પૂછું એનો જવાબ આપ. તારી કામવાળી આંગણું વાળતી હોય ત્યારે તું ઘરનાં બારણાં કેમ બંધ કરી દે છે ?'' નેહાને જડાઉબાનો પ્રશ્ન કંઈ સમજાયો નહીં. છતાં તે જવાબ આપતાં બોલી, ''બહારનો કચરો ઘરમાં ના આવે એટલે.''

''બસ ! એવી રીતે હું પણ મારા કાનના દરવાજા બંધ રાખું છું, જેથી બહારનો કચરો મારા 'ભીતરના ઓરડામાં' ઠલવાય નહીં. વર્ષો પહેલાં નિયમ લીધો હતો કે કામ પૂરતું જ કાને ધરવું. બાકી કાનના પડદા બંધ જ રાખવા. મનને બહુ શાંતિ મળે છે.'' પછી થોડું અટકીને જડાઉબા આગળ બોલ્યાં, ''આપણું મન આ સ્લેટપેન જેવું હોવું જોઈએ. બીજું કંઈ પણ લખવા માટે આગળનું લખેલું ભૂંસવું જ પડે, જ્યારે આપણે મનને નોટ જેવું બનાવી દીધું છે. જૂનું ભૂલવાને બદલે એને એટલું ભાર દઈને ઘૂંટીએ છીએ કે ભવિષ્યનાં પાનાં ઉપર પણ એની છાપ પડી જાય છે.''

ચાર ચોપડી ભણેલાં જડાઉબાની સમજણ ભરેલી વાતો નેહા અહોભાવપૂર્વક સાંભળી રહી. જડાઉબા તેમના અસલ સ્વરૂપમાં આવતાં બોલ્યાં, ''હવે તૈયાર થાઓ અને ઘરની અને છોકરાઓની ચિંતા ના કરતાં.'' જડાઉબા આંખો બંધ કરી હાથમાં માળા લઈને બેસી ગયાં. નેહા જડાઉબાને પગે લાગીને ઊભી થઈ. બાની બાજુમાં પડેલી સ્લેટ ઉઠાવી તેણે લાગણીપૂર્વક લખ્યું : લવ યુ બા.

❖❖❖

## મુશ્કેલ લક્ષ્યથી ડરવાના બદલે દરેક ક્ષણનો ઉપયોગ કરો, પ્રયાસ કરનારની હાર નથી થતી

**એ**કવાર એક શિષ્યએ પોતાના ગુરુને કહ્યું કે, 'ગુરુદેવ હું મારા કઠિન લક્ષ્યને કેવી રીતે પ્રાપ્ત કરી શકું ?' ગુરુજીએ તેને ભરોસો આપ્યો કે તેઓ આજે રાત્રે તેના સવાલનો જવાબ આપશે. શિષ્ય દરરોજ સાંજે નદીમાંથી ગાગર ભરીને પાણી લાવતો હતો જેથી રાત્રે તેનો ઉપયોગ થઈ શકે પરંતુ ગુરુજીએ તે દિવસે સાંજે પાણી લાવવાની ના પાડી દીધી. રાત્રે શિષ્યએ ગુરુદેવને પોતાના સવાલને યાદ કરાવ્યો. 'ગુરુજીએ શિષ્યને એક ફાનસ આપ્યું અને કહ્યું કે, 'જાવ, પહેલાં નદીમાંથી આ ગાગરમાં પાણી ભરી લાવો.'

એ દિવસે અમાસ હતી અને ઘોર અંધકારને કારણે કંઈ સૂઝતુ નહોતું. તે શિષ્ય ક્યારેય આટલી અંધારી રાત્રે બહાર ગયો નહોતો. 'આથી તેણે કહ્યું કે ગુરુજી, નદી તો અહીંથી બહુ દૂર છે અને આ ફાનસના પ્રકાશમાં તો માત્ર બે ડગલાં સુધી



પણ કશું સ્પષ્ટ દેખાતું નથી. આટલી લાંબી યાત્રા અંધારામાં હું કઈ રીતે કરી શકીશ ?' તમે સવાર સુધી રાહ જુઓ હું ગાગર સવારે ભરી લાવીશ. 'ગુરુજીએ કહ્યું, 'મારે પાણીની જરૂર છે અત્યારે અને તું કહે છે કે સવારે પાણી લાવીશ. જાવ હમણાં જ પાણી લઈ આવ.' શિષ્યએ કહ્યું કે અંધારામાં જવું શક્ય નથી. ગુરુજીએ કહ્યું કે અરે મૂર્ખ, 'અંધારાને કામ જુએ છે ? પ્રકાશને જો અને આગળ વધ. પ્રકાશ તારા હાથમાં છે અને તું અંધારાથી ડરી રહ્યો છે.' ગુરુજીના આવા વચન સાંભળી શિષ્ય આગળ વધ્યો તો પ્રકાશ પણ આગળ વધ્યો. બસ પછી તો શું શિષ્ય ફાનસ લઈ આગળ વધતો રહ્યો અને નદી સુધી પહોંચી ગયો. ગાગર ભરીને પાછો પણ આવી ગયો. 'શિષ્યએ કહ્યું ગુરુજી , હું ગાગર ભરીને લઈ આવ્યો છું. હવે તમે મારા સવાલનો જવાબ આપો.' ત્યારે 'ગુરુજીએ કહ્યું, 'મેં તો તારા સવાલનો જવાબ આપી દીધો પરંતુ તને સમજાયો નથી.' ગુરુજીએ તેને સમજાવ્યું કે આ દુનિયા એક અંધારું નગર છે. તેમાં દરેક ક્ષણ ફાનસના પ્રકાશ જેવી છે. જો આપણે એ દરેક ક્ષણનો ઉપયોગ કરીને આગળ વધીએ તો આનંદપૂર્વક પોતાની મંઝિલ સુધી પહોંચી શકીએ પરંતુ ભવિષ્યના અંધારાને જોઈ પ્રયાસ કરતા પહેલાં જ ગભરાઈ જઈશું તો ક્યારેય પણ પોતાની મંઝિલ સુધી પહોંચી શકીશું નહીં.

❖❖❖

# સાભાર સ્વીકાર

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**
લીંબડી નિવાસી હાલ જુહુ સ્કીમ પાર્લા
શ્રી કિરીટભાઈ વ્રજલાલ શેઠ પરિવાર
સ્વધર્મી સહાય ફંડ ૧૦૦૦૦૦/-

બરવાળા ઘેલાશા નિવાસી (હાલ - કાંદિવલી) સ્વ. કાશીબેન છબીલદાસ ડેલીવાલાના સુપુત્ર સ્વ. હરગોવિંદદાસ છબીલદાસની ૫૦ મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે નરેન્દ્ર હરગોવિંદદાસ ડેલીવાલા પરિવાર તરફથી

| | |
|---|---|
| શ્રી સી. યુ શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ | ૧૫૦૦૦/- |
| શ્રી સી.યુ. શાહ તબીબી રાહત ફંડ | ૧૫૦૦૦/- |
| શ્રી રાહત ફંડ | ૧૧૦૦૦/- |
| ચંપાબેન દીપચંદ ડુંગરશી તુરખીયા મેડિક્લેમ પૉલિસી | ૧૦૦૦૦/- |
| ટોટલ | ૫૧૦૦૦/- |

વઢવાણ નિવાસી (હાલ - દહિંસર) સ્વ. અ.સૌ. દક્ષાબેન ભરતકુમાર ધોળકિયાની ચોથી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે શ્રી ધોળકિયા પરિવાર તરફથી હસ્તે હાર્દિક ધોળકિયા (મેડિકલ પ્રિમિયમ યોજના ફંડ) ૨૫૦૦૦/-

**શ્રી જીતેન્દ્રભાઈ હરિલાલ શાહ તરફથી (પાણી પરબ ફંડ) ૧૦૦૧/-**

**શ્રીમતી ચાંદનીબેન સતીષભાઈ જમનાદાસ શાહના તરફથી કુ. આલોકી-ચિંતનના શુભ લગ્ન પ્રસંગે નંદુરબાર નિવાસી (હાલ-મુંબઈ) (સ્વધર્મી સહાય ફંડ) ૨૦૦૦/-**

# વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **કૌશલ — કિન્નરી** | | |
| શ્રીમતી મીતાબેન કિશોરભાઈ સેવંતીલાલ શાહના લીંબડી નિવાસી (હાલ - લાલબાગ) | | |
| શ્રીમતી હિનાબેન સંજયભાઈ લલીતભાઈ મહેતાના રાજકોટ નિવાસી (હાલ - રાજકોટ) | ૧૫૦૦ | ૧૫૦૦ |
| **મહેક — મોક્ષા** | | |
| શ્રી તીરેનભાઈ અમૃતલાલ શેઠના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ-ઘાટકોપર) | | |
| શ્રી પ્રદીપભાઈ ભાઈલાલભાઈ ખંધાની સુપુત્રી ધાંધલપુર નિવાસી (હાલ -બોરીવલી) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **ઈશાન — નેહા** | | |
| શ્રી સંજયભાઈ અમૃતલાલ પારેખના સુપુત્ર ચોટીલા નિવાસી (હાલ - માટુંગા) | | |
| શ્રી દિપકભાઈ વસંતલાલ શાહની સુપુત્રી લખતર નિવાસી (હાલ - મલાડ) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **ધૈર્ય — ધ્રુવી** | | |
| શ્રી મિલનકુમાર પ્રવિણકાંત ધ્રુવના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - મલાડ) | | |
| શ્રી રાજુભાઈ ધનસુખભાઈ ઝાટકીયાની સુપુત્રી હાલરિયા નિવાસી (હાલ- મલાડ) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **મિતેશ — રિદ્ધી** | | |
| શ્રી ભરતભઆઈ જમનાદાસ દોશીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ- કાંદિવલી) | | |
| શ્રી નિલેશભાઈ નવિનચંદ્ર શાહની સુપુત્રી રાણપુર નિવાસી (હાલ - કાંદિવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **શ્રેણિકકુમાર — ચૈતાલી** | | |
| શ્રી શૈલાબેન વિજયભાઈ અમૃતલાલ શાહના સુપુત્ર સાણંદ નિવાસી (હાલ મુલુન્ડ) | | |
| શ્રીમતી વિભાબેન કેતનભાઈ મનસુખલાલ ડેલીવાળા ભાવનગર નિવાસી (હાલ-મીરારોડ) | ૫૦૧ | ૫૦૧ |
| **વિનિત — પૂર્વી** | | |
| શ્રી પરેશભાઈ રમેશચંદ્ર શાહના સુપુત્ર મુળી નિવાસી (હાલ - અંધેરી) | | |
| શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર દોશીની સુપુત્રી સાવરકુંડલા નિવાસી (હાલ - વિલેપાર્લા) | ૫૦૦ | ૫૦૦ |
| **જિમિષ — વિશ્વા** | | |
| શ્રી બિનેશભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર સુરેન્દ્રનગર નિવાસી (હાલ-બોરીવલી) | | |
| શ્રી કમલેશભાઈ જશવંતલાલ દોશીની સુપુત્રી મહુવા નિવાસી (હાલ - કાંદિવલી) | ૨૫૦ | ૨૫૦ |
| **નિશિત — પલ્લવી** | | |
| શ્રી વિપુલભાઈ બાબુલાલ ગોસલિયા (શાહ)ના સુપુત્ર વિંછીયા નિવાસી (હાલ - કલ્યાણ) | | |
| શ્રી ચંદ્રકાંતભાઈ ત્રિકમભાઈ શાહની સુપુત્રી દલતુંગી (જામનગર) નિવાસી (હાલ-ડોમ્બીવલી) | ૨૦૧ | ૨૦૧ |

**સુવિચાર**

જીવનનું લક્ષ્ય ઊંચું હશે તો
બહારની કોઈ સહાયની જરૂર નહીં રહે.
તમારો જુસ્સો જ તમને ત્યાં સુધી લઈ જશે.

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૧-૨૦૨૩ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રીમતી સંધ્યાબેન બિપિનભાઈ શાહ** | **૧,૦૦,૦૦૦/-** |
| **શ્રી મુકેશભાઈ હિંમતલાલ શાહ** | **૧,૦૦,૦૦૦/-** |

## પ્રભુતામાં પગલાં

**હર્ષલ (U.K.) - દ્રષ્ટિ (U.S.A)**
શ્રીમતી સોનલબેન કમલેશભાઈ કનૈયાલાલ વોરાના સુપુત્ર અમરેલી નિવાસી (હાલ-અકોલા)
શ્રીમતી સોનલબેન હિતેશભાઈ વિનયચંદ્ર તુરખિયાની ધાંધલપુર નિવાસી (હાલ - પવઈ) ૧૦૦૧ ૧૦૦૧

**મીત-ભવ્યા**
શ્રી રાજેશભાઈ જયંતિલાલ ગોપાણીના સુપુત્ર રાણપુર નિવાસી (હાલ - સાયન)
શ્રી પ્રવરભાઈ રવિન્દ્રનાથ કોટીચાની સુપુત્રી જુનાગઢ નિવાસી (હાલ - ઘાટકોપર) ૧૦૦૦ ૧૦૦૦

**સલોની - રૂષિત**
શ્રીમતી ભાવનાબેન હિતેનભાઈ રસીકલાલ અજમેરાના સુપુત્રી ચુડા નિવાસી (હાલ-કિંગસર્કલ)
શ્રીમતી જાગૃતિબેન દિનેશભાઈ મહેતાના સુપુત્ર વાંકાનેર નિવાસી (હાલ - ઘાટકોપર) ૫૫૧ ૫૫૧

**ચિંતન-આલોકી**
શ્રીમતી હર્ષાબેન પ્રવિણભાઈ ભોગીલાલ શાહના સુપુત્ર અમલનેર નિવાસી (હાલ-પુના)
શ્રીમતી ચાંદનીબેન સતીષભાઈ જમનાદાસ શાહની સુપુત્રી નંદુરબાર નિવાસી (હાલ-મુંબઈ) ૫૦૦ ૫૦૦

**જિમિષ-વિશ્વા**
શ્રી બિનેશભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર સુરેન્દ્રનગર નિવાસી (હાલ - બોરીવલી)
શ્રી કમલેશભાઈ જશવંતરાય દોશીની સુપુત્રી મહુવા નિવાસી (હાલ - કાંદિવલી) ૫૦૦ ૫૦૦

**મહત્ત્વની સૂચના** સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## એક અપીલ



**શ્રીમતી ઈન્દુમતીબેન ધીરજલાલ છોટાલાલ શાહ પંચગિની સેનેટોરિયમના સહયોગી દાતા માટે દાતાશ્રીઓને સહયોગ આપવા વિનંતી કરવામાં આવે છે.**

- **ક્રિડાંગણના સહયોગી દાતા ₹ ૨૧,૦૦,૦૦૦/–**
- **લીફ્ટના દાતાશ્રી ₹ ૧૫,૦૦,૦૦૦/–**
- **જીમ્નેશીયમ સહયોગી દાતા ₹ ૧૧,૦૦,૦૦૦/–**
- **એન્ટ્રસ દરવાજાની સામે ગઝીબો ₹ ૦૩,૦૦,૦૦૦/–**

**આપના સહકાર અને પ્રતિસાદ ની અપેક્ષા.**
**સંસ્થાને અપાતું ડોનેશન 80G હેઠળ કરમુક્ત છે.**
**Zalawadi Sabha Charitable Foundation**
**ના નામનો ચેક લખવો.**

## ઘસાઈને ઊજળા થઈએ

લોકો આપવા ને ઘસાવા તૈયાર હોય છે. સામાન્ય માણસ સ્વાર્થી પણ નથી કે નિ:સ્વાર્થી પણ નથી. એ તો સંજોગો આધીન હોય છે. જે દેખાય છે તે સ્વાર્થ એનો સ્વભાવ નથી, પણ સ્વભાવની વિકૃતિ છે.

હું આ વાત સ્પષ્ટ કરવા ગામડામાં આ દાખલો આપું છું. ગામડામાં લોકોને પૂછીએ કે, 'લોઢાનો રંગ કેવો ?' તો કદાચ કોઈ કહેશે કે, 'કાળો,' પણ જે ખેડૂત હશે તે તો કહેશે કે, 'લોઢાનો રંગ તો ચાંદી જેવો ધોળો હોય છે,' જેને કાળો રંગ કહે છે તે તો વિકૃતિ છે, મૂળ રંગ પર ચડેલો કાટ છે. કાટ ઘસાઈ જાય છે ત્યારે લોઢું ચાંદી જેવું ચમકે છે, ઘસાતું લોઢું માત્ર ચાંદી જેવું ઊજળું જ નથી હોતું, રેશમ જેવું સુંવાળું પણ હોય છે, પણ જે ઘસાતું નથી તે કાળું હોય છે, ખરબચડું હોય છે, અને એના ઉપરથી કાટની પોપડીઓ ઊખડે છે. ઘસાઈને નહી તો પોપડી ઊખડીને એ ઓછો તો થવાનો જ, પણ ઘસાઈને ઓછો થાય ત્યારે યજ્ઞ કહેવાય છે. મને તો સંસ્કૃત આવડતું નથી. મારા યજમાનોને ય આવડે નહીં એટલે સંસ્કૃતમાં યજ્ઞની શી વ્યાખ્યા હશે તે તો દેવ જાણે, પણ હું તો કહું છું, કે યજ્ઞ એટલે ઘસાઈ છૂટીએ ને ઘસાઈને ઊજળા થઈએ, તે શીખવા જેવું છે.

**રવિશંકર મહારાજ**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા : મિલનભાઈ<br>9860125136<br>પંચગીની : બિરવભાઈ<br>9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | પત્રિકા જાહેરખબર<br>દેવલાલી :<br>આશાબેન<br>9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - મિલનભાઈ તુરખિયા<br>9860125136 / 7208472884 |

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

## 7208472884 • 7208481791 • 7208472744

ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

## 7208472884 • 7208481791 • 7208472744

# કોણ પરાયું ? કોણ પોતીકું ?

મીનાક્ષી દેસાઇ

**સાં**જના ચારેક વાગ્યા હશે, એ સમયે નિયમિત ઘંટ વગાડતો એક શાકવાળો અમારી શેરીમાં પ્રવેશ કરે હું શાક લેવા માટે બહાર ગઈ. ત્યાં જ મારાં પાડોશી રમીલાબહેન પણ આવ્યાં હતાં અને મને તરત જ પૂછ્યું, ''અમીબહેન, તમારા સાસુમા કાંતાબા સુરતથી આવી ગયાં ?''

મેં કહ્યું, ''હા, ગઈકાલે સાંજે જ અમે એમને લઈ આવ્યાં, આવોને રમીલામાસી ઘરમાં ?''

એ કહે, ''ના, હજી મારે ચા મૂકવાની છે.''

મેં તરત કહ્યું ''અમારી બધાની-બા-બાપુજીની સાથે તમારી એક કપ ચા વધુ મૂકીશ, એમાં શું ?''

અને મારી સાથે ઘરમાં પ્રવેશે છે. મારાં સાસુમાને જોઈ આશ્ચર્યસહ પૂછે, 'અરે, કાંતાબા ! મોટા દીકરા શૌનકને ત્યાં તો ખાસું રહી આવ્યાં ખરું ? પણ આટલાં બધાં સુકાઈ કેમ ગયાં ? કેમ રહી તમારાં મોટાં વહુ-સિદ્ધિવહુની સેવા ?''

કાંતાબા રમીલાબહેનને તરત અટકાવી કહે, ''ના રે ના, એવું શું વળી ? આ નાના દીકરાનું ઘર, એવું એય મોટા દીકરાનું ઘર જ છે ને ? આ છેલ્લાં અગિયાર વર્ષથી નાના દીકરા રોનક અને મારી અમીવહુ - જોકે અમે તો એને વહુ કદી કહેતાં જ નથી, અમારી વહુબેટી સાથે જ રહીએ છીએ ને ? - અહીં ના અને ત્યાંના હવાપાણીમાં ફેર...''

એમને વચ્ચે જ અટકાવી રમીલાબહેન કહે, ''કાંતાબા, તમારી અમીમાં તો સાચે જ નામ પ્રમાણે ગુણ છે, હોં ? એની વાણીમાંયે અમી ઝરે અને વર્તનમાંથી તો નર્યું અમી જ નીતરે, એનાં રખોયાં એવા જ હોય ને ?'' ત્યાં તો હું ચારેક કપ ચા લઈને ડ્રોઈંગરૂમમાં આવી, મેં કહ્યું ''શું રમીલામાસી ? આટલાં બધાં મારાં વખાણ કરશો ને તો હું તો ફૂલીને ફાળકો થઈ જઈશ ?''



બા તરત જ બોલી ઊઠ્યાં ''જો અમી બેટા, જે સાચું છે તે સહુ જુએ જ છે ને ? ભગવાને મને ભલે દીકરી ના આપી, ભલે તું વહુ ખરી પણ અમારે મન દીકરીથી અધિક છે. સાચી વાત છે ને રમીલાબહેન ?''

બાના આ વાક્યો નો મર્મ મને સમજતાં વાર લાગે ?

આ તો અમીને એની ઑફિસની ત્રણ મહિના માટેની ટ્રેનિંગ માટે દિલ્હી જવાનું થયું. આમ તો અહીં પણ રસોઈ કરનાર બહેન સારાં છે, જૂના વખતનો વિશ્વાસુ નોકર, અને સ્વજનથીયે વિશેષ એવા તમારા જેવા માયાળુ પાડોશી તો છે જ. પણ શૌનક જ્યારે જ્યારે સારા-માઠા પ્રસંગે સુરતથી અહીં વલસાડ આવે ત્યારે આગ્રહ કરે કે, બા-બાપુજી થોડા દિવસ તો અમારે ત્યાં સુરત આવો ? એટલે મારા રોનકને થયું કે, ત્રણ મહિનાની અમીની ટ્રેનિંગ છે તો લાવને, બા, બાપુજીને મોટા ભાઈને ત્યાં સુરત મૂકી આવું ? એટલે પહેલાં ફોન કર્યો અને અમને ત્યાં મૂકી આવ્યો.''

બા વાત કરતાં જ હતાં ત્યાં બારણે કોલબેલ રણક્યો. હું ઉઘાડું છું ત્યાં જ મારી ખાસ ફ્રેન્ડ મમતા આવી. ''ઓ હો, મમતા ?''

''હા અમી, મેં કાલે જ ફોન કર્યો હતો, એ જાણવા જ કે તું દિલ્હીથી આવી ગઈ ? તારી રસોઈ કરનાર બહેન કલમાબહેને જ ફોન ઉપાડી મને કહ્યું, અમીબહેન અને રોનકભાઈ બા-બાપુજીને તેડવા સુરત શૌનકભાઈને ત્યાં ગયાં છે, બપોરે જ ગયાં, આપણા વલસાડથી સુરત ક્યાં દૂર છે ? રાત્રે આઠ સુધીમાં તો આવી જવાનાં છે. કારણ કે અમીબહેને બધાયનું જમવાનું અહી જ બનાવડાવ્યું છે.''

આવતાંની સાથે જ મમતાએ બાને પાયલાગણ તો કર્યા પણ પછી તરત પૂછ્યું, ''બા, આટલાં બધાં સુકાઈ ગયાં ? કેમ સુરત માફક ન આવ્યું ?'' બાએ ટૂંકમાં જ કહ્યું, ''જો બેન, બધાંય ગામનાં હવા-પાણી જુદાં જુદાં જ હોય ને ?''

મમતાને ક્યાં ખબર હતી કે આ 'હવા' અને 'પાણી'નો મોટા દીકરાને ઘેર કેવો અનુભવ થયો હતો ? મેં મમતાને ચા-નાસ્તો આપ્યાં, પછી કહ્યું, ''ચાલને આપણે બહાર ગાર્ડનને હિંચકે બેસીએ ?'' બા સાથે

રમીલાબહેનને વાતો કરતાં મૂકી હું અને મમતા બહાર ગયાં.

મમતાએ મારી ટ્રેનિંગ વિષે પહેલાં તો પૂછ્યું. પણ પછી તરત જ કહે, ''એ અમી, આ બા તો શરીરમાં અડધાં જ થઈ ગયાં જાણે, કેમ એમ ?'' મેં કહ્યું, ''જો અમી, પોતાના સગા દીકરા-વહુ વિશે મોટે ભાગે તો કોઈ માતા બીજાને મોંએ ઘસાતું તો ના જ બોલે ને ? પરંતુ જે સાચો અનુભવ એમના જીવનમાં ત્યાં બન્યો છે એ સાંભળીને તારાં તો રૂંવાડાં જ ખડાં થઈ જશે, તને થશે કે કોઈ પણ દીકરો-વહુ આગ્રહ કરીને મા-બાપને-પોતાને ઘેર બોલાવે, પછી આવું પણ કરી શકે ?''

મમતા કહે, ''અરે, એવું તે શું બન્યું ? મને જલદી કહે''. એટલે મેં કહ્યું, ''જો સાંભળ, અમે જે દિવસે એમને ત્યાં મૂકી આવ્યાં અને બીજે જ દિવસે હું તો દિલ્હી ગઈ, પણ રોનક કાયમ આંતરે દિવસે ક્યાં તો સવારે, ક્યાં તો રાત્રે ફોન કરી એમના ખબરઅંતર પૂછે. શૌનકભાઈ કે સિદ્ધિભાભી તરત જ બા જમવા બેઠાં છે. બોલાવું હો ? અથવા તો શૌનકભાઈ ફોન લે તો તરત જ બાપુજી આ બેઠા વાત કરી લે. પછી બાને ફોન આપું છું હોં ? આમ અચૂક બન્ને સાથે વાત કરાવે, એમના ખબરઅંતર પૂછે, એટલે એ લોકોને પણ સંતોષ થાય. પરંતુ દસેક દિવસ બાદ તો જ્યારે રોનકનો ફોન જાય ત્યારે શૌનકભાઈ કે ભાભી કહે, હા, બા હમણાં જ અહી બેઠાં ટી.વી. જ જોતાં હતાં, હમણાં જ અંદર એમના રૂમમાં સૂવા ગયાં છે. સવારે કરે ફોન અને 'બાપુજીને આપ' એમ કહે તો જવાબ મળે, બાપુજી તો નાહી ધોઈને મને કહે કે હું જરા ચાલવા જાઉં છું, બજારથી કાંઈ લાવવું હોય તો મને કહો.'' અને બા વિશે તો ગમે તે જવાબ હાજર જ હોય, ક્યાં તો 'હમણાં જ આડાં પડ્યાં છે' કે મંદિરે ગયાં છે કે બીજો જે ફાવે તે જવાબ મળે, બસ, ફક્ત આઠ-દસ દિવસ જ બા-બાપુજી સાથે વાત થઈ ચૂકી. પણ બંને મજામાં છે, આ વાક્ય તો છેલ્લે અચૂક બોલે જ અને પછી ?''

પછી શું મમતા અધીરી બની.

''પછીની સત્ય ઘટના તું સાંભળી શકીશ મમતા ? તો સાંભળ, ફક્ત એક જ અઠવાડિયું - આઠ જ દિવસ પોતાને ઘેર મા-બાપને રાખી, આ જ્યેષ્ઠ પુત્ર શૌનકભાઈ અને સિદ્ધિભાભીથી મા-બાપને ના વેઠી શકાતાં સુરત પાસેના જ વૃદ્ધાશ્રમમાં 'આવકાર'માં એ બન્નેને મૂકી આવ્યાં. સંચાલકશ્રી સાથે શી વાત કરી હશે અને શા કારણો આપ્યાં હશે એ તો ઉપરવાળો જ જાણે. જો કે સંચાલકશ્રી ઘણા જ ઉદાર દિલના અને બા-બાપુજીને એમણે ઘણી જ સારી રીતે સાચવ્યાં, એમ પણ બાપુજીએ અમે પાછા ગાડીમાં આવતાં એમનો અનુભવ કહ્યો ત્યારે જાણ્યું, હજી તો હું બોલી જ રહી હતી ત્યાં જ મમતાની આંખમાંથી આંસુ સરવા માંડ્યા.''

મેં કહ્યું ''હજી મને વાત તો કરવા દે ? હું દિલ્હીથી તો પરમ દિવસે આવી ગઈ હતી, પણ અમારી સાથે વર્ષોથી બા-બાપુજી રહે એટલે ઘર મને તો ખાલી ખાલી લાગવા માંડ્યું, ખાલી ઘર જાણે ખાવા ધાય, એટલે મેં ગઈ કાલે જ રોનકને કહ્યું, 'જુઓ, આજે બીજો શનિવાર છે એટલે તમને તો ઑફિસમાં રજા છે. પણ હું તો વહેલી નીકળી શકીશ, તમે બપોરે મારી ઑફિસે આવી જાવ, આપણે આજે જ સુરત જઈ બા-બાપુજીને લઈ આવીએ. બા તો જરૂર આપણી રાહ જોતાં હશે જ, કારણ કે એમને તો મારી દિલ્હીથી પાછા આવવાની તારીખ પણ ખબર છે. અને આજે તારી રજા પણ એ યાદ કરે જ, રોનક કહે, શૌનકભાઈને ફોન કરી દઉં કે આજે અમે બપોર પછી નીકળીશું અને બા-બાપુજીને લઈ આવીશું. મેં કહ્યું, ના રે ના, એવી શી જરૂર છે ?''

અને અમે સમયસર અત્રેથી નીકળીને સુરત ગયાં, શૌનકભાઈને ઘેર પહોંચીને જોયું તો એ અને સિદ્ધિભાભી એકલાં જ હતાં.

'આવો, આવો અરે પણ રોનક, તમે બંને આજે આવવાના હતાં તો ફોન ના કર્યો ?' શૌનકે પૂછવા ખાતર પૂછ્યું, પણ મેં કહ્યું, 'શી જરૂર હતી ? પણ બા-બાપુજી કેમ દેખાતાં નથી ? અંદર એમના રૂમમાં છે ? હું તો ઉતાવળે પગે અંદર જવા જ જતી હતી, ત્યાં તરત જ ભાભી બોલ્યાં 'ના એ બંને અંદર નથી, પછી બંનેએ એકબીજા સામે જોયું અને શૌનકભાઈ તરત જ બોલ્યા, ''એ તો એવું છે ને રોનક કે અમારી રસોઈ કરનાર બાઈ ત્રણ-ચાર દિવસ માટે બહારગામ જવાની હતી, સિદ્ધિને જોકે બપોરની સ્કૂલની નોકરી ખરી, પણ બધાંની રસોઈ માટે એનાથી પહોંચી વળાય નહિ. રસોઈવાળી બાઈ પછી કેટલે દિવસે આવે એનું કાંઈ ન કહેવાય ?''

''એટલે... એટલે...'' તરત જ આ સાંભળી રોનકે તો જાણે ત્રાડ પાડી.

''અમે એટલે જ અહીં પાસેના ઘરડાઘરમાં એ બંનેને મૂકી આવ્યાં. આમ તો એના સંચાલક ભાઈને-રામભાઈને હું સારી રીતે ઓળખું છું.'' આ સાંભળી રોનક તો રાતોપીળો થી ગયો. અને કહે, 'આટલા આગ્રહ પછી તમારે આંગણે આવેલાં મા-બાપ કે જે, મારે જોકે કહેવું ના જોઈએ કે મારે ત્યાં અગિયાર અગિયાર વર્ષથી જે શાંતિથી રહેતાં હતાં, એમને તુ અગિયાર દિવસ પણ સાચવી ના શક્યો ? હવે એક મિનિટ પણ બગાડ્યા વિના મને જલ્દીથી

એ ઘરડાઘરનું સરનામું આપી દે.'

શૌનકભાઈ કહે, ''શાંત થા ભાઈ, હું પણ આવું છું ને ? આટલા અઢી મહિના એ બંને ત્યાં રહ્યાં એનું 'પેમેન્ટ' પણ મારે...'' બસ કરો શૌનકભાઈ બસ, તમારે ત્યાં આવવાની જરૂર નથી, 'પેમેન્ટ' આપી શકવા જેટલી ક્ષમતા તો હું ધરાવું છું, એમનાં કપડાં, દવા-વગેરે તો આટલા સમયથી એ બન્ને ત્યાં જ છે. એટલે એમની પાસે જ હશે ને ? સરનામું જલદી આપો, તમારે આવવું હોય તો આવો અને ના આવવું હોય તો આ આવો' આમ બોલી હું અને રોનક લિફ્ટ પાસે ગયાં કે તરત શૌનકભાઈ અમારી પાસે આવી પહોંચ્યા.

જેવા ઘરડાનાં ઘર 'અવસર'માં અમે પ્રવેશ કર્યો કે ત્યાં બહાર ઓસરીમાં અમારી રાહ જોઈને જ બેઠાં હોય એમ આવી બા-બાપુજી અમને વળગી પડ્યાં. બાની આંખમાં અશ્રુ આવી ગયાં. મને વળગીને કહે, ''અમી બેટી, અમી બેટી'' અને રોનકને બાપુજી વળગી પડ્યાં, ''તું આવી ગયો રોનક બેટા ?'' આગળ અક્ષરે બોલી જ ના શક્યા.

ત્યાર બાદ રોનકે જ સંચાલકશ્રીને 'પેમેન્ટ' બાબત પૂછ્યું. શૌનકભાઈએ વિવેક ખાતર કહ્યું તો ખરું ''તું રહેવા દે ને રોનક !'' પરંતુ અગ્નિના તાપથીયે વિશેષ ગરમ થયેલો રોનક માને ખરો ? એણે તરત જ કહ્યું, ''સંચાલકશ્રી રામભાઈ, એમની પાસેથી પેમેન્ટ લેવાનું નથી, લ્યો આ ચેક, મને આંકડો કહો, અને એમણે જે રકમ કહી એ ઉપરાંત વૃદ્ધાશ્રમના દાનપેટે રૂપિયા એક હજાર અને ચેક ઉમેરી રામભાઈનો ખૂબ આભાર માની, અમે બા-બાપુજીની બૅગ-દવા વગેરે વાડીમાં મૂકવા ગયાં કે તરત શૌનકભાઈ કહે ''આપણે પહેલાં અહીં મારે ઘેર જઈએ, ત્યાં ચા પાણી કરીને...'' તરત જ રોનકે એમને અટકાવી કહ્યું. ''ચા તો અમે બહાર પી લઈશું.''

શૌનકે પૂછે ''કેમ બહાર ?''

અત્યાર સુધી મૌન ધારણ કરી રહેલા બાપુજી આખરે વ્યંગમાં બોલ્યા ખરા ? ''અઢી મહિના તો બહારની જ પીધી ને ? એક દિવસ વધારે, થૅંક્યુ શૌનક બેટા, થૅંક્યુ વેરી મચ, આઠ દિવસ તો આઠ દિવસ, તેં અમને રાખ્યાં તો ખરાં ને ?''

શૌનકભાઈ કહે, ''શું બાપુજી, પોતાનાને કોઈ 'થૅંક્યુ' કહી આભાર માનતું હશે ?'' બાપુજી તરત જ સંચાલક શ્રી રામભાઈ, જે એમને વળાવવા ગાડી સુધી આવ્યા હતા, એમની સામે જોઈ બોલ્યા, ''તમે જ કહો રામભાઈ, આજે હું પરાયો કોને કહું ? અને પોતીકો કોને કહું ?''

❖❖❖

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**7208472884 • 7208481791 • 7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2022-23 - 2023-24 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18%

Our Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST

**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/- (Size = 171 x 199 mm)

**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/- (Size = 171 x 234 mm)

**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-

**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-

**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-

SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-

**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**વ્યાવસાયિક બહેનો જે ગૃહઉદ્યોગ ચાલવતા હોય. તેમના માટે ઝાલાવાડી સભા તરફથી ₹ 500/- including GST**
**Size : 8.7cm x 7.0 cm**
**એક પૃષ્ઠ પર છ જાહેરખબર લેવામાં આવશે.**

**Please send your Advertisement in Advance last Date of Advertisement on or before 25th Every month (Inclusive of GST)**

**Please send Artwork in JPEG Format Only**

# સમાચાર સંકલન

## શ્રી બૃહદ મુંબઈ ઝાલાવાડ મહિલા મંડળની દેવલાલી પિકનીક

દરેક કેન્દ્રના પ્રમુખો તેમજ કમિટી મેમ્બર્સ માટે ચાર દિવસીય પિકનીકનું આયોજન તારીખ ૧૩ ફેબ્રુઆરી થી ૧૬ ફેબ્રુઆરી સુધી કરવામાં આવેલ હતું.

આ સુંદર સફરની શરૂઆત ૨x૨ એસી બસમાં સવારે પાંચ વાગેથી ગોરેગાંવ થી થઈ હતી. આ પિકનીકમાં કુલ ૩૨ મેમ્બર્સ જોડાયા હતાં.

પ્રથમ દિવસે, સવારે ૯ વાગે, શ્રી કૃષ્ણ ઉડિપીમાં સાઉથ ઈન્ડિયન નાસ્તો કરી, બસમાં અંતાક્ષરીની ધમાલ બોલાવી હતી. લગભગ ૧.૩૦ વાગે સહુ દેવલાલી પહોંચ્યા. ગરમાગરમ ભોજનની લહેજત માણી શ્રી ઝાલાવાડી સેનેટોરિયમમાં સહુની અગાઉથી નક્કી કર્યા મુજબ રૂમ અલોટ કરી સાંજે શોભનાબેન કાપડિયા તરફથી મ્યુઝિકલ હાઉઝી રમાડવામાં આવી હતી જેમાં ડાન્સ અને મસ્તીનો માહોલ જામ્યો હતો. હીનાબેન પારેખ ગુજરાતીનું ગૌરવ વધારતાં સરસ ડાયરાનો માહોલ રચ્યો હતો. ૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડે સેલિબ્રેશન આ દિવસ સહુ માટે ખુબજ આનંદમય રહ્યો, જેમાં સવારે સમુહ સામાયિકનું આયોજન નંદનવન ઉપાશ્રયમાં રાખવામાં આવ્યુ હતું, જેની અનુમોદનાનો લાભ મુલુંડ કેન્દ્રનાં પ્રમુખ લતાબેન ખાટડિયા તથા તેમની કમિટી તેમજ બોરિવલીના પ્રમુખ ચારુબેને લીધેલ હતો. ત્યારબાદ પ્રમુખોની મિટીંગ અને અન્ય કોઈને પ્રશ્ન હોય તો ચર્ચા કરવામાં આવી હતી. અને સાંજે ડાન્સ મજા મસ્તીના આયોજનમાં ઉમેશભાઈ એન્ડ કંપની બોલાવવામાં આવ્યા હતાં, જેમાં ગુજરાતી ગીતો, ભુલે બિસરે હિન્દી ગીતો, ગરબા અને સાથે જુદી જુદી ગેમ્સ રમાડી. આ ઈવેન્ટમાં સહુને રેડ એન્ડ બ્લેકની થીમ આપેલ હતી, સહુ બહેનો મસ્ત તૈયાર થઈને આવ્યા હતા અને દરેક બહેનોએ ફેશન શો માં ભાગ લીધો હતો, કેટવોક કરી, સેલ્ફી પોઈન્ટ પરથી અલગ અલગ કેપ, ગોગલ્સ, ટિયારા, આદિ પહેરી મજા માણી હતી, આમાં ૪૦ વર્ષ થી ૮૫ વર્ષ સુધીનાં દરેક બહેનોએ ધુમ મચાવી હતી. હાઈ ટી, કોકટેલ જ્યુસ આદિ થી માહોલ એકદમ પાર્ટી જેવો રહ્યો હતો. દરેકને મીરાંબેને સુંદર ગીફ્ટ આપી હતી.

૧૫ ફેબ્રુઆરી, સવારે ૬ વાગે શિર્ડી તરફ પ્રયાણ, જ્યાં શિર્ડી સાઈબાબાના દર્શન કરી, ત્યાં ની ઉડિપી એક્ષપ્રેસમાં સહુને નાસ્તો કરાવી ૧વાગે દેવલાલી પરત ફર્યા. પુરણપોળીનું જમણ કર્યુ. સાંજે બહેનોએ શોપિંગનો આનંદ, ત્યાં બિરાજમાન સંતોનાં દર્શનનો લાભ, સંબંધીને મળવાની તક આદિ સહ મજા કરી હતી. રાત્રે જમ્યા બાદ ફરી સરસ ગેમ્સ અને ઈનામો આપવામાં આવ્યા હતા.

૧૬ તારીખ સવારે જલેબી ફાફડાની નવકારશીની લહેજત માણી મુંબઈ તરફ પ્રયાણ કરેલ. રસ્તામાં આવતાં ધર્મચક્ર તીર્થ માં સહુએ દર્શનનો લાભ લીધો હતો. રસ્તા માં બસમાં જ ભોજન કરાવ્યુ તેમ જ દેવીબેનને (અંધેરી કેન્દ્ર) આઈસક્રીમ ખવડાવી ઠંડક નો અહેસાસ બરકરાર રાખ્યો અને મીરાંબેને કુછ મીઠા હો જાય માં મોટી ડેઈરી મિલ્ક આપી હતી.

આ પિકનીકનાં આયોજનને સંભારણું બની રહે તેનો શ્રેય સાઉથ મુંબઈનાં પ્રમુખ મીરાંબેન શાહ કે જેમણે નવા પ્રમુખ બન્યા તેની ખુશીમાં દરેક મેમ્બર્સને ગિફ્ટ આપી હતી તેમજ ઉપ પ્રમુખ સોનલબેન કોઠારી ને ફાળે જાય છે. ખૂબ જ જહેમત થી દરેકની સગવડનો ખ્યાલ રાખી, જમવાથી લઈને રમવા સુધી દરેકને ખુબજ મજા કરાવી હતી. મીરારોડ કેન્દ્ર નાં અમીતાબેન તથા તેમની ટીમ નો પણ સહકાર સાંપડયો હતો. આમ દરેકનાં પ્રત્યક્ષ અને પરોક્ષ સહકાર થી આ પિકનીક સફળ રહી હતી.

★★★

## બૃહદ્ મુંબઈમાં દોઢીવાળા પરિવારના સમૂહ નિવેદ

બૃહદ્ મુંબઈમાં વસતા દોઢીવાળા પરિવાર ના સમૂહ નિવેદનું આયોજન તારીખ ૨૯ જાન્યુઆરી ૨૦૨૩ ને રવિવાર ના રોજ હોટેલ રામા ક્રિષ્ના, પાર્લા ઈસ્ટ ખાતે યોજાયું, જેમાં ખૂબ જ બહોળી સંખ્યામાં ભાઈ બહેનોએ ભાગ લીધો.

નવકાર મહામંત્રથી શરૂઆત કર્યા બાદ કુટુંબના વડીલોના વરદ હસ્તે દીપ પ્રગટાવી કુળદેવીમાં અંબાજીના નિવેદ ભવ્ય આરતી સાથે થયા.

પોતાના અને આવેલ કુટુંબના પરિચય બાદ રાસ ગરબાનું સુંદર આયોજન થયું.

ઘણા સમયે કુટુંબીઓ ભેગા થયા અને ખૂબજ આનંદ કર્યો, જૂની યાદો તાજી થઈ.

વડીલો તરફથી ઘણા સુંદર સૂચનો મળ્યા. ભવિષ્યમાં વરસમાં બે વાર મળવાનું નક્કી થયું. યાત્રા પિકનિકના આયોજનો ટૂંક સમયમાં કરવાનું પણ નક્કી થયું. આ પ્રસંગે લોકોએ ખૂબ જ સારો ફંડફાળો આપ્યો.

શ્રી પિયુષભાઈ દોઢીવાળા અને કાર્યકરોની ટીમે ખૂબ જ મહેનત કરી અને આ પ્રોગ્રામને સફળતાપૂર્વક પાર પાડ્યો. ખૂબ આનંદ સાથે ફરી મળવાના કોલ સાથે આ પ્રોગ્રામ સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી સંપન્ન થયો.

❖❖❖

# માનવસંબંધોની અધૂરપ

ભાણદેવ

**આ**પણા એક મનીષી શ્રી જે. કૃષ્ણમૂર્તિએ કહ્યું છે -

To live is to live in relationship.

''જીવવું એટલે સંબંધોમાં જીવવું.''

માનવીનું જીવન સતત અન્ય માનવો સાથે જોડાયેલું છે. માનવ સામાજિક પ્રાણી છે. માનવ લગભગ સતત અન્ય માનવો સાથે જોડાયેલો રહ્યો છે. જેઓ હિમાલયની એકાંત ગુફાઓમાં રહે છે, તેવા અનેક સંતો-સિદ્ધોનાં દર્શન અમે કર્યાં છે. આવા એકાંતવાસી સંતો-સિદ્ધો પણ કોઈ ને કોઈ માનવબંધુઓ સાથે જોડાયેલો હોય છે. આજુબાજુમાં વસતા પહાડી ગ્રામજનો તેમને અન્નવસ્ત્ર પહોંચાડે છે. વળી તેઓ ગુરુ, ગુરુબંધુઓ કે શિષ્યો સાથે પણ જોડાયેલા હોય છે. બધા જ પ્રકારના માનવ સંબંધોના સર્વથા અને સર્વદા ત્યાગ કરીને નિતાન્ત એકલા જીવવું માનવ માટે અશક્ય છે. આમ પ્રત્યેક માનવને કોઈ ને કોઈ સ્વરૂપના માનવ સંબંધો હોય જ છે.

જીવનના બહિરંગ સ્વરૂપની દૃષ્ટિએ વિચારીએ તો માનવીની પાંચ મૂળભૂત જરૂરિયાતો છે -

૧. અન્ન, ૨. વસ્ત્ર, ૩. રહેઠાણ, ૪. ચિકિત્સા, ૫. શિક્ષણ.

માનવીની આ પાંચેય જરૂરિયાતોની પરિપૂર્તિ માટે તેને અન્ય માનવોની જરૂર પડે છે, અન્ય માનવોના સંબંધમાં આવવું જ પડે છે, આ પાંચેય જરૂરિયાતોની પરિપૂર્તિ થઈ થાય તો માનવને બધું જ મળી જાય છે, તેમ નથી. વંશવૃદ્ધિ પણ માનવીની અનિવાર્ય નહીં તો પણ લગભગ અનિવાર્ય જરૂરિયાત છે. આ એક એવી જરૂરિયાત છે, જેમાંથી સંબંધોના અનેક તાણાવાણા ઊભા થાય છે. લગ્ન, પરિવાર અને તજ્જન્ય અનેક સંસ્થાઓ અને સંબંધો એમાંથી પ્રગટે છે.

માનવબાળક જેટલા લાંબા સમય સુધી પોતાનાં માતાપિતા પર અવલંબિત રહે છે તેટલા લાંબા સમય સુધી અન્ય કોઈ પ્રાણીઓનાં સંતાન પોતાનાં માતાપિતા પર અવલંબિત રહેતાં નથી. આ ગાળો સરેસાશ ૧૮ વર્ષનો ગણીએ તો પણ અન્ય પ્રાણીઓની તુલનામાં આ ગાળો ઘણો લાંબો છે. નૃવંશસાસ્ત્રીઓ (Anthropologists) આ પરિબળને માનવસંસ્કૃતિના વિકાસ માટે ઘણું ઉપકારક પરિબળ ગણે છે. કારણ કે સંતાન પોતાનાં માતાપિતા સાથે જેટલો લાંબો સમય રહે છે, તેટલો તેનો જીવનવિકાસ વધુ થાય છે. જીવનવિકાસની આ મૂડી પેઢી દર પેઢી વારસામાં મળતી જાય છે. અને આમ માનવસંસ્કૃતિ વધુને વધુ સમૃદ્ધ બનતી જાય છે.

હવે આપણે માનવીના આંતરિક જીવનની દૃષ્ટિએ માનવસંબંધોનો વિચાર કરીએ.

માનવને માત્ર બાહ્ય જરૂર પડે છે તેમ નથી. માનવી મનોમય ભૂમિકા પર જીવે છે. પોતાની મનોમય જરૂરિયાતોની પરિપૂર્તિ માટે પણ માનવને માનવની જરૂર પડે છે.

મધુર માનવસંબંધો માનવીની મનોમય ભૂમિકા પરની એક ખૂબ ગાઢ જરૂરિયાત છે. માનવપ્રેમના અભાવમાં માત્ર બાળકો જ નહીં, વૃદ્ધો પણ કરમાઈ ગયા હોય તેવા દૃષ્ટાંતો ઓછાં નથી.

સ્નેહપૂર્ણ માનવસંબંધોના અભાવમાંથી અનેક મનોમય વિકૃતિઓ અને પ્રગાઢ અભાવગ્રંથિ જન્મે છે અને સ્નેહપૂર્ણ માનવસંબંધો આ મનોમય વિકૃતિઓ અને અભાવગ્રંથિ માટે મૂલ્યવાન ઔષધિ સમાન છે.

ભાઈ-ભાઈનો સંબંધ, ભાઈ-બહેનનો સંબંધ, પિતા-પુત્ર/પુત્રીનો સંબંધ, મિત્ર-મિત્રનો સંબંધ, પતિ-પત્નીનો સંબંધ, માતા-પુત્ર/પુત્રીનો સંબંધ આ અને આવા અનેકવિધ સંબંધો માનવજીવનના તાણાવાણા છે. આ સંબંધોના માધુર્યથી માનવહૃદયને કાંઈક શાતા વળે છે. માનવને આ સંબંધોના માધુર્ય દ્વારા પોતાનું જીવન ભર્યું ભર્યું લાગે છે અને આ સંબંધોના અભાવમાં ખાલીપો વરતાય છે.

જેલમાં કેદીઓને અનેક પ્રકારની સજા આપવામાં આવે છે. આ બધી સજાઓમાં 'એકાંત કોટડી'ની સજા સૌથી આકરી સજા ગણાય છે. શા માટે? કારણ કે કેદી આ સજા દરમિયાન અન્ય માનવોથી લગભગ વિખૂટો પડી જાય છે. એકલા રહેવાની સજા આકરી બની જાય છે. કારણ કે માનવને અન્ય માનવસાનિધ્યને તે રીતે માનવસંબંધોની જરૂર પડે જ છે. માનવ માટે માનવસાનિધ્યનું શું મૂલ્ય છે, તે દીર્ઘકાળ પર્યંત એકાંતમાં રહેવાથી સમજાય છે. યોગી કે સાધકોનો એકાંતવાસ ભિન્ન ઘટના છે, કારણ કે તે એકાંતવાસ પરિપક્વ વ્યક્તિનો સ્વેચ્છાએ સ્વીકારેલો એકાંતવાસ છે. અન્યથા એક સામાન્ય વ્યક્તિને બળજબરીથી એકાંતમાં રાખવામાં આવે તો તે વિક્ષિપ્ત બની જાય તેવી પૂરી શક્યતા છે.

બાહ્ય રીતે કે આંતરિક રીતે, શારીરિક ભૂમિકાએ કે મનોમય ભૂમિકાએ માનવીને માનવીની જરૂરત પડે છે. આ છે,

માનવસંબંધોનો પાયો.

માનવસંબંધો માનવજીવનનું એક અનિવાર્ય અંગ છે. આ સંબંધો મધૂર હોય તો તે માનવીના હૃદયને અને જીવનને શાતા આપે છે અને કટુ હોય તો માનવજીવનને અગ્નિના તાપની જેમ શેકી નાંખે છે.

માનવચિત્તનું બંધારણ જ એવું છે કે તે કોઈનો પ્રેમ પામવા માટે સતત લાલયિત રહે છે. મધુર માનવસંબંધો, પ્રેમ પૂર્ણ માનવસંબંધો માનવની આ આવશ્યકતાની પરિપૂર્તિ કરે છે. માનવસંબંધો દ્વારા મળતો આ સ્નેહ માનવચિત્તને ઘણું આપે છે, મબલક આપે છે.

આ બધું છતાં એક સત્ય આપણે સૌએ સમજી લેવું જોઈએ અને હિંમતપૂર્વક સ્વીકારી લેવું જોઈએ.

તે સત્ય આ છે -

Human relationship is never fulfilled

''માનવસંબંધો કદી પરિપૂર્ણ અવસ્થાએ પહોંચતા નથી.''

માનવ હૃદયને માનવસંબંધ દ્વારા અપરંપાર મળે તો પણ કંઈક તો બાકી રહી જ જાય છે. પ્રગાઢ સ્નેહયુક્ત માનવસંબંધમાં પણ 'હજુ કાંઈક ખૂટે છે.' આવો ભાવ રહી જાય છે. પ્રત્યેક માનવ પોતાની સાથે સંબંધિત માનવો પ્રત્યે આવો ભાવ અનુભવે છે. -

''મને તમારી પાસેથી જે મળી શક્યું હોય તે બધું મળતું નથી.''

માનવસંબંધોમાં કાંઈકને કાંઈક બાકી રહી જ જાય છે.

માનવ મોટે ભાગે મનોમન આમ બોલ્યાં કરે છે-

''મારા પતિ ખૂબ સારા છે પણ....''

''મારી પત્ની ખૂબ પ્રેમાળ અને સુંદર છે પણ....''

**સરળતા અને પવિત્રતાની**
**સૌમ્ય પ્રભા તમોને જાગ્રત કરી**
**હરિદર્શન કરાવશે.**
**માત્ર મહત્તાનું પ્રખર તેજ**
**તમોને અંધ બનાવશે.**

''અરે ! મારો દીકરો તો દેવ જેવો છે પણ પરણાવ્યા પછી....''

''મારો ભાઈ તો.... પણ....''

આ ''પણ'' રહી જ જાય છે. ક્વચિત્ થોડા સમય માટે આ ''પણ'' ચાલ્યો જાય તેમ બને છે, પરંતુ પાછો આવીને હાજર થઈ જાય છે.

માનવસંબંધો અધૂરા રહે છે, રહે છે અને રહે જ છે ! માનવસંબંધોના કપાળમાં 'અધૂરપ'નો અભિશાપ અનિવાર્ય સ્વરૂપે લખાઈ ચૂક્યો છે ! આ અધૂરપ રહેશે જ !

માનવસંબંધોમાં આ અધૂરપ (sense of incompleteness) શા માટે રહે છે ? માનવસંબંધોમાં એવું શું છે કે આ અધૂરપનો અભિશાપ તેના કપાળમાં લાગી ગયો છે ? માનવનો એવો કયો ગુનો છે કે તે માનવસંબંધની પરિપૂર્ણતાએ કદી પહોંચી શકતો જ નથી ?

કારણ બહુ સ્પષ્ટ છે. માનવ અધૂરો છે અધૂરા માનવના સંબંધો પણ અધૂરા રહે તે સ્વાભાવિક જ છે. માનવ મહદ્અંશે મનોમય ભૂમિકામાં જીવે છે. મન અજ્ઞાનયુક્ત કરણ છે. મન એટલે જ્ઞાનની શોધમાં નીકળેલું અજ્ઞાન. મન અધૂરું કરણ છે. મનોમય ભૂમિકાંમાં જીવતો માનવ અધૂરો છે અને તેથી માનવ-માનવ વચ્ચેના સંબંધો અધૂરા રહે જ છે અને અધૂરા રહેશે જ !

સામાન્યતઃ માનવસંબંધોની આ સ્વભાવિક અધૂરપ અનુભવાય ત્યારે માનવ પોતાની સાથે સંબંધિત 'અન્ય માનવ'ને દોષપાત્ર ગણે છે.

'અ'ને એમ લાગે છે કે 'બ'ને કારણે અમારા સંબંધો પરિપૂર્ણ અવસ્થાએ પહોંચી શકતા નથી અને 'બ'ને એમ લાગે છે કે 'અ'ને કારણે આમ બને છે. ક્વચિત 'અ' નો દોષ હોઈ શકે છે. ક્વચિત્ 'બ' નો દોષ હોઈ શકે છે અને ક્વચિત્ બંનેનો દોષ પણ હોઈ શકે છે. પણ સમજવાની વાત એ છે કે બેમાંથી કોઈને દોષ ન હોય તો પણ માનવસંબંધો કદી પરિપૂર્ણ અવસ્થાએ પહોંચી શકે નહીં. આમ બનવાનું કારણ એ છે કે માનવસંબંધોનું આવું સ્વરૂપ છે, માનવસંબંધોનું આ વિધાન છે.

તો શું માનવસંબંધો ત્યાજ્ય છે ? ના, ત્યાજ્ય નથી. માનવસંબંધોનો સર્વથા ત્યાગ શક્ય પણ નથી.

તો શું કરવાનું છે ?

જેની પાસે જે હોય તે જ તે આપી શકે, તેટલું તે આપી શકે, તેથી અધિક નહીં. તેથી અધિક ન જ આપી શકે. ગિરનાર પર બરફ ના મળે અને હિમાલયમાં નાળિયેરી ન મળે, કારણ કે ત્યાં તે નથી.

માનવસંબંધો અધૂરા છે, અધૂરા જ રહેવા સર્જાયા છે. અધૂરપ માનવસંબંધોનું સ્વરૂપગત લક્ષણ છે. અધૂરા અને સ્વરૂપગતઃ અધૂરા જ રહેવા સર્જાયેલા માનવસંબંધો પાસે પુર્ણત્વની અપેક્ષા ન રાખો. અધૂરા માનવસંબંધો પાસે પૂર્ણત્વની અપેક્ષા રાખવામાં આવે તો શું મળે ? ઉત્તર સ્પષ્ટ છે - નિરાશા, વિટંબણા, વૈફલ્ય !

માનવસંબંધોની અધૂરપને સમજી લેવામાં આવે અને સ્વીકારી લેવામાં આવે તો આપણે મનુનાં સંતાનો, માનવો અનેક નિરાશા, કારમી વિટંબણા અને જીવનતોડ વૈફલ્યમાંથી બચી શકીએ તેમ છીએ.

અપૂર્ણમાં પૂર્ણત્વની અપેક્ષા અને શોધ માનવની સમસ્યાઓનું મૂળ છે અને અપૂર્ણ તરીકે સમજી સ્વીકારી લેવું તે સમસ્યાઓનો ઉકેલ છે. ❖❖❖

# સંગાથ



**લેખક : પ્રા. માધુરી શાનભાગ**
**■ અનુવાદ : કિશોર પટેલ**

સિત્તેરની વય વટાવી ગયેલા બસપ્પાએ કહ્યું,

''કિટ્ટણા ! તું કંઈ ચિંતા કરતો નહીં, હું વહિનીની સંભાળ રાખીશ, રોજ રાત્રે ફોન કરીને તને ખબર આપતો રહીશ, તું નિશ્ચિંત રહેજે.''

''હા બસપ્પા, તારા ભરોસે જ હું માને અહીંયાં મૂકીને ત્યાં નોકરી કરું છું. આ કામ હવે ફક્ત ત્રણ મહિના ચાલવાનું છે, પછી હું મસ્ત એક આખા મહિનાની રજા લેવાનો છું. ત્યાં સુધીમાં રાહુલની બારમાની અને રાણીની દસમાની પરીક્ષા પૂરી થઈ જશે. પછી અમે બધાં જ આવીશું.''

કૃષ્ણા ગઈ કાલે આવ્યો એ પછી સત્તરમી વાર આ વાતચીતનું પુનરાવર્તન થયું હતું. કૃષ્ણાનો પગ નીકળતો ન હતો પણ જવું અનિવાર્ય હતું. માંદી માતાને આમ બિછાના પર નાખીને બે નોકરોના આશરે મૂકીને જતાં એનો જીવ ચાલતો ન હતો. રજા પણ કેટલી લેવી ! પોતાનું કામ ચોક્સાઈપૂર્વક અને સમયસર કરનારા કૃષ્ણાને પોતાની જવાબદારી સમજાતી હતી. લાચારી પણ સમજાતી હતી. અમેરિકામાં હોત તો નોકરી છોડીને પાછો આવી ગયો હોત. ત્યાં એના કામની એટલી માંગણી હતી કે ફરી ગમે ત્યારે નોકરી મળી શકે. ભારતમાં એવું ન હતું. હમણાં બૅંગાલુરુમાં મોટા રાષ્ટ્રીય પ્રકલ્પમાં મહત્ત્વની જવાબદારી એના માથે હતી પણ માને આમ મરણપથારીએ છોડીને જતાં એનો જીવ ચાલતો ન હતો. બસપ્પા અને તેની પત્ની માલી માની સારસંભાળ સારી રીતે રાખતાં હતાં. પણ આ હવે એના છેલ્લા દિવસો છે, આમાંથી હવે એ બચવાની નથી એવું જ્યારે ડૉક્ટરે લગભગ સ્પષ્ટ કહ્યું હોય પછી એને નોકરોના ભરોસે મૂકીને જવા માટે એનું મન માનતું ન હતું. છેલ્લા ત્રણ મહિનાથી દર શનિવારે રાત્રે ટ્રેનમાં બેસીને એ મળસ્કે ધારવાડમાં આવતો હતો અને રવિવારે રાત્રે એ જ કિત્તુર એક્સપ્રેસથી પરતીનો પ્રવાસ કરીને જેમતેમ નવ વાગે ઑફિસે પહોંચતો હતો. છ દિવસ સખત કામ કરતી વખતે પ્રત્યેક ફાજલ ક્ષણે આંખો સામે મા આવી જતી હતી. અહીં માનો હાથ પકડીને બેઠા પછી આવતી કાલે કરવાના કામનો ઢગલો મનમાં ઊથલપાથલ થયા કરતો હતો. એના હાથ નીચે કામ કરનારી ટીમમાં બધાંને એની આ મુશ્કેલી સમજાતી હતી પણ કોઈ કંઈ જ કરી શકે એમ ન હતું.

દૂરથી આવતી ગાડીના પ્રકાશનું ટપકું દેખાયું એટલે કૃષ્ણા ઊભો થયો.

''આવતા શનિવારે આવું છું... રાહ જોજો.''

''હા, સ્કૂટર લઈને હું સ્ટેશન પર લેવા આવીશ.''

''ના, હું રિક્ષા કરીને આવી જઈશ, કદાચ એક દિવસ વહેલો આવીશ, નક્કી થાય એટલે તને ફોન કરીને કહીશ.''

''હા, કિટ્ટણા, હું રોજ રાતે ફોન કરીને વહિનીના ખબર આપીશ.''

''દિવસમાં છ વખત, દર ત્રણ કલાકે આંખોમાં ટીપાં નાખવાનું ભૂલતો નહીં.''

